dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 09 | Issue- 56 | AD - 2025, Magshar Sud -09 | Saturday, Dt.29-11-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

**ઉડુપીમાં જગદગુરુ શ્રી શ્રી સુગુણેન્દ્ર તીર્થ સ્વામીજીએ પીએમ મોદીને વિશ્વ ગીતા પર્યમ - લક્ષ્ય કંઠ ગીતા પારાયણથી સન્માનિત કર્યા**

## આપણા સમાજમાં સદીઓથી ગીતાના શ્લોકોનું પઠન કરવામાં આવે છે : મોદી

(એચ.એસ.એલ),બેંગ્લુરૂ,તા.૨૮

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કર્ણાટકની તેમની એક દિવસીય મુલાકાત પર પહોંચ્યા. ઉડુપીમાં, જગદગુરુ શ્રી શ્રી સુગુણેન્દ્ર તીર્થ સ્વામીજીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિશ્વ ગીતા પર્યમ - લક્ષ્ય કંઠ ગીતા પારાયણથી સન્માનિત કર્યા.

જાહેર સભાને સંબોધતા, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, "ઉડુપીની મુલાકાત મારા માટે પણ ખાસ છે કારણ કે ઉડુપી જનસંઘ અને ભાજપના સુશાસનના મોડેલની ભૂમિ રહી છે. ૧૯૬૮માં, ઉડુપીના લોકોએ વી.એસ. આચાર્યને અહીંની મ્યુનિસિપલ કાઉન્સિલ માટે ચૂંટ્યા હતા. આજે આપણે દેશભરમાં જે સ્વચ્છતા અભિયાન જોઈએ છીએ તે પાંચ દાયકા પહેલા ઉડુપી દ્વારા અપનાવવામાં આવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વધુમાં કહ્યું, "આપણા સમાજમાં સદીઓથી ગીતાના મંત્ર અને શ્લોકોનું પઠન કરવામાં આવે છે, પરંતુ જ્યારે લાખો સ્વર આ શ્લોકો એકસાથે પાઠ કરે છે... ત્યારે એક ઉર્જા મુક્ત થાય છે જે આપણા મન અને મગજને એક નવું સ્પંદન, નવી શક્તિ આપે છે. આ ઉર્જા પણ આધ્યાત્મિકતાની શક્તિ છે, આ ઉર્જા સામાજિક એકતાની શક્તિ છે, અને તેથી, આજે, આ "ગીતાનો પાઠ કરતા લાખો સ્વરનો આ અવસર એક વિશાળ ઉર્જાનો અનુભવ કરવાનો અવસર બની ગયો છે."




પીએમ મોદીએ કહ્યું, "અહીં આવ્યાના ત્રણ દિવસ પહેલા, હું અયોધ્યામાં હતો. ૨૫ નવેમ્બરના રોજ, લગ્ન પંચમીના શુભ દિવસે, અયોધ્યાના રામ જન્મભૂમિ મંદિરમાં ધર્મધ્વજ ફરકાવવામાં આવ્યો હતો... આખો દેશ જાણે છે કે રામ મંદિર ચળવળમાં ઉડુપીની ભૂમિકા કેટલી મહત્વપૂર્ણ છે.'

તેમણે કહ્યું, 'આજે, "સબકા સાથ, સબકા વિકાસ" અને "સર્વજન હિતાય સર્વજન સુખાય" ની આપણી નીતિઓ ભગવાન કૃષ્ણના આ શ્લોકોથી પ્રેરિત છે. ભગવાન કૃષ્ણ આપણને ગરીબોને મદદ કરવાનો મંત્ર આપે છે, અને આ મંત્ર આયુષ્માન ભારત અને પ્રધાનમંત્રી આવાસ યોજના જેવી યોજનાઓનો આધાર બનાવે છે. ભગવાન કૃષ્ણ આપણને મહિલા સુરક્ષા અને મહિલા સશક્તિકરણનું જ્ઞાન શીખવે છે, અને તેમની પ્રેરણાથી જ દેશ નારી શક્તિ વંદન કાયદાનો ઐતિહાસિક નિર્ણય લે છે.'

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, "શ્રી કૃષ્ણએ યુદ્ધભૂમિ પર ગીતાનો સંદેશ આપ્યો હતો, અને ભગવદ ગીતા આપણને શીખવે છે કે શાંતિ અને સત્યની સ્થાપના માટે જુલમ કરનારાઓનો અંત આવશ્યક છે. અમે લાલ કિલ્લા પરથી શ્રી કૃષ્ણની કરુણાનો સંદેશ આપીએ છીએ, અને તે જ કિલ્લા પરથી, અમે મિશન સુદર્શન ચક્રની પણ ઘોષણા કરીએ છીએ... રાષ્ટ્રે ઓપરેશન સિંદૂરમાં અમારા સંકલ્પને જોયો... અમે શાંતિ કેવી રીતે સ્થાપિત કરવી અને તેનું રક્ષણ કેવી રીતે કરવું તે પણ જાણીએ છીએ."

પીએમ મોદીની મુલાકાત દરમિયાન, ભગવાન કૃષ્ણના ગર્ભગૃહની સામે બનેલા "સ્વર્ણ તીર્થ મંપ"નું ઉદ્‌ઘાટન કરવાનો પણ સમાવેશ થાય છે. પીએમ મોદી "કનક કવચ", કનકણ કિંડી પરનું સુવર્ણ આવરણ પણ સમર્પિત કરશે, જ્યાંથી ભક્ત અને સંત કનકદાસે ભગવાન કૃષ્ણને પ્રથમ વખત જોયા હતા. શ્રી કૃષ્ણ મઠની સ્થાપના લગભગ ૮૦૦ વર્ષ પહેલાં દ્વૈત વેદાંત ફિલસૂફીના સ્થાપક શ્રી માધવાચાર્ય દ્વારા કરવામાં આવી હતી.

## રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન આવતા મહિનાનાં પ્રથમ સપ્તાહમાં ભારતની મુલાકાત લેશે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૮

રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ભારત મુલાકાતની તારીખ નક્કી થઈ ગઈ છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, પુતિન ૪ અને ૫ ડિસેમ્બરે ભારતની ઔપચારિક મુલાકાતે આવશે. આ સમયગાળા દરમિયાન, પુતિન મુખ્યત્વે ૨૩મા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલનમાં ભાગ લેશે.



વિદેશ મંત્રાલય દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર, પુતિન ૪ ડિસેમ્બરે ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આમંત્રણ પર ભારત આવશે. તેઓ પીએમ મોદી સાથે મુલાકાત કરશે અને બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો પર ચર્ચા કરશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પણ પુતિનનું સ્વાગત કરશે, અને તેમના સન્માનમાં ભોજન સમારંભનું આયોજન કરવામાં આવશે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે પુતિનની મુલાકાત બંને દેશો વચ્ચેના સંબંધોની સમીક્ષા કરવાની એક મહત્વપૂર્ણ તક હશે. વધુમાં, ભારત અને રશિયા તેમની ખાસ અને વિશેષાધિકૃત રાજદ્વારી ભાગીદારી માટે એક દ્રષ્ટિકોણ ઘડી શકશે. બંને દેશો સહિયારા હિતના સ્થાનિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે. ભારત અને રશિયા વચ્ચે વાર્ષિક ધોરણે શિખર સંમેલન વાટાઘાટો યોજાય છે. અત્યાર સુધીમાં, બંને દેશો વચ્ચે ૨૨ શિખર સંમેલનો યોજાઈ ચૂક્યા છે. પીએમ મોદી ગયા વર્ષે જુલાઈમાં મોસ્કો ગયા હતા.

## મહારાષ્ટ્રની સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીમાં ૫૦ ટકાથી વધુ ઓબીસી અનામત પર પ્રતિબંધ મુકતી સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,તા.૨૮

સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્રની સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીમાં ૫૦% થી વધુ ઓબીસી અનામત પર પ્રતિબંધ મૂક્યો છે. મહારાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ૨ ડિસેમ્બરે મ્યુનિસિપલ ચૂંટણીઓ યોજાવાની છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી છે કે જ્યાં હજુ સુધી ચૂંટણીઓની જાહેરાત થઈ નથી ત્યાં સ્થાનિક સંસ્થાઓ માટે અનામત મર્યાદા ૫૦% થી વધુ ન હોવી જોઈએ. સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્રમાં સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ પર એક



મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો. કોર્ટે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં ઓબીસી અનામત અંગે ચૂંટણી પ્રક્રિયા માટે શરતી રીતે માર્ગ મોકળો કર્યો. કોર્ટે તમામ નવી સ્થાનિક સંસ્થાઓમાં ૫૦% થી વધુ અનામતની સૂચના પર પ્રતિબંધ મૂક્યો હતો જેમની ચૂંટણીઓની જાહેરાત હજુ સુધી થઈ નથી. જો કે, મ્યુનિસિપલ કાઉન્સિલો અને નગર પંચાયતોમાં જ્યાં ૫૦% થી વધુ અનામત પહેલાથી જ સૂચિત કરવામાં આવી છે, ત્યાં ચૂંટણીઓ સમયપત્રક મુજબ યોજાશે, પરંતુ તેમના પરિણામો રિટ અરજીઓ પરના અંતિમ નિર્ણય પર આધારિત રહેશે. એ નોંધવું જોઈએ કે આજે, મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચીની બનેલી બેન્ચ મહારાષ્ટ્રમાં OBC અનામતને પડકારતી અરજીઓની સુનાવણી કરી રહી હતી. બેન્ચે આ બાબતને ત્રણ ન્યાયાધીશોની મોટી બેન્ચને સોંપી અને આગામી સુનાવણી ૨૧ જાન્યુઆરીએ નક્કી કરી. કોર્ટે પોતાના આદેશમાં ભાર મૂક્યો હતો કે પહેલાથી જ સૂચિત મ્યુનિસિપલ કાઉન્સિલો અને નગર પંચાયતોની ચૂંટણીઓ સમયપત્રક મુજબ યોજાઈ શકે છે, પરંતુ જે સંસ્થાઓમાં અનામત ૫૦ ટકાથી વધુ છે તેના પરિણામો પર અંતિમ નિર્ણય પછીની સુનાવણીમાં લેવામાં આવશે.

## દિલ્હી-દહેરાદુન હાઈવે પર અકસ્માત : ૭ના મોત

(એચ.એસ.એલ),સહારનપુર,તા.૨૮

દિલ્હી-દહેરાદુન એક્સપ્રેસ વે પર શુક્રવારે સવારે એક દુઃખદ માર્ગ અકસ્માત થયો. આ અકસ્માતમાં સાત લોકોના દુઃખદ મોત થયા. સહારનપુરના સૈયદ માજરા ગામનો એક પરિવાર કારમાં મુસાફરી કરી રહ્યો હતો. કાર ગામની સીમા ઓળંગીને એક્સપ્રેસ વે પર પહોંચી ત્યારે, દહેરાદુનથી ખનીજથી ભરેલું ડમ્પર ખૂબ જ ઝડપથી આવી રહ્યું હતું.



પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ડમ્પર ચાલકે સામે કાર જોઈને અચાનક બ્રેક લગાવી, પરંતુ વધુ ઝડપને કારણે વાહને કાબુ ગુમાવ્યો. કાબુ ગુમાવતા, ડમ્પર સીધું કારની ઉપર પલટી ગયું. અકસ્માત એટલો ગંભીર હતો કે કાર સંપૂર્ણપણે કચડાઈ ગઈ અને ડમ્પર નીચે દટાઈ ગઈ.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, કારમાં સવાર સાત લોકો, જેમાં એક છોકરીનો પણ સમાવેશ થાય છે, ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યા. પોલીસ અને બચાવ ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ અને કાટમાળ સાફ કરવાનું કામ શરૂ કર્યું. માર્યા ગયેલા લોકો: સંદીપ (૩૫), મહેન્દ્રનો પુત્ર મહેન્દ્રની પત્ની રાની, રાનીની પુત્રી અજ્ઞાત ઉંમર, ૪૫ જયારે અન્ય ત્રણની ઓળખ કરવામાં આવી રહી છે.

પોલીસ પરિવાર અંગે માહિતી એકત્રિત કરી રહી છે. બચાવ કામગીરી માટે એક્સપ્રેસ વે પર ટ્રાફિક અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યો હતો. પોલીસે હાલમાં ડમ્પર કબજે કર્યું છે અને અકસ્માતની તપાસ કરી રહી છે. અકસ્માત બાદ લોકો ગુસ્સે ભરાયા હતા. નજીકના ગ્રામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને એક્સપ્રેસ વે બ્લોક કરી દીધો હતો. લોકોએ મૃતદેહો ઉપાડવાનો ઈનકાર કર્યો હતો. ઘટનાસ્થળે ટ્રાફિક જામ થયો હતો. કોંગ્રેસના સાંસદ ઈમરાન મસૂદ પણ પહોંચ્યા હતા.







## દિલ્હીની ઝેરી હવા અંગે રાહુલ ગાંધીએ મોદી સરકાર સામે સવાલ ઉઠાવ્યા

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૨૮

કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ રાષ્ટ્રીય રાજધાનીમાં સતત બગડતી હવાની ગુણવત્તા અંગે કેન્દ્ર સરકાર અને પીએમ નરેન્દ્ર મોદીના મૌન પર તીખા સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં હવાની ગુણવત્તા એટલી ખરાબ થઈ ગઈ છે કે તે આરોગ્ય સંકટ બની ગઈ છે. સંસદમાં આ મુદ્દા પર તાત્કાલિક, વિગતવાર ચર્ચાની માંગ કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે સરકારે કડક અને અમલમાં મૂકી શકાય તેવી કાર્ય યોજના લાવવી જોઈએ. તેમણે પ્રશ્ન કર્યો કે જ્યારે બાળકો અને વૃદ્ધોને ઝેરી હવા શ્વાસમાં લેવાની ફરજ પાડવામાં આવે છે ત્યારે સરકાર શા માટે મૌન છે અને કોઈ નક્કર પગલાં નથી લઈ રહી. રાહુલ ગાંધી કેટલીક માતાઓને તેમના ઘરે મળ્યા અને એક વીડિયો દ્વારા તેમની ચિંતાઓ શેર કરી. તેમણે કહ્યું, "દરેક માતા એક જ વાત કહે છે: તેનું બાળક ઝેરી હવા શ્વાસમાં લઈને મોટું થઈ રહ્યું છે. તેઓ થાકેલા, ડરેલા અને ગુસ્સામાં છે." હું જે પણ માતાને મળું છું તે મને એક જ વાત કહે છે: તેનું બાળક ઝેરી હવા શ્વાસમાં લઈને મોટું થઈ રહ્યું છે. તેઓ થાકેલા, ડરેલા અને ગુસ્સામાં છે.



# અમરેલી જિલ્લામાં ગત વર્ષે થયેલ પાક નુકસાનની સહાયથી ખેડૂતો વંચિત

અમરેલી,તા.૨૮

રાજય સરકારે ખેડૂતોને ચાલુ વર્ષે થયેલ પાક નુકસાની માટે રૂા.૧૦૦૦૦ કરોડની જાહેરાત કરી છે. પરંતુ આ સહાયની જાહેરાત તો ઠીક અમરેલી જિલ્લાના ખેડૂતોને ગત વર્ષે થયેલ પાક નુકસાનીની સહાય પણ મળી નથી જેના કારણે ખેડૂતોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. અમરેલી જિલ્લાના અનેક ખેડૂતોને ઓક્ટોબર ૨૦૨૪ માં થયેલા કમોસમી વરસાદને કારણે થયેલા નુકસાનની મંજૂર થયેલી સહાયની રકમ હજી સુધી મળી નથી. રાજ્ય સરકારે દિવાળી પહેલા નાણાં જમા કરાવવા સૂચના આપી હોવા છતાં, ખેડૂતોના ખાતા ખાલી છે. સહાય માટે ખેડૂતો અને કિસાન સંઘ દ્વારા સરકાર સમક્ષ વારંવાર રજૂઆત કરવામાં આવી છે પરંતુ અધિકારીઓ તરફથી ૨૦૨૫ના માવઠામાં થયેલ નુકસાનીના સર્વેને કારણે વિલંબ થતો હોવાના અસંતોષકારક જવાબો મળી રહ્યા છે. એક તરફ સરકાર નવી સહાયની વાત કરે છે, ત્યારે જૂની સહાય પણ ન મળતા ખેડૂતોમાં ભારે રોષ છે. ખેડૂતો તાત્કાલિક અસરથી બાકી રહેલી રકમ જમા કરાવવા માટે તંત્રને સૂચના આપવાની માંગ કરી રહ્યા છે.

**ચાલુ વર્ષે કરોડોની સહાયની જાહેરાત પરંતુ ગત વર્ષની સહાય ક્યારે મળશે? ખેડૂતોમાં સવાલ**

# રાજુલાના વાવેરા ગામે રૂા. બે કરોડના ખર્ચે બનેલ પુલનું લોકાર્પણ કરાયું

રાજુલા,તા.૨૮


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા તાલુકાના વાવેરા ગામે ઘાણા નદી ઉપર રૂ. બે કરોડના ખર્ચે બનેલા નવા પુલનું આજે લોકાર્પણ કરવામાં આવ્યું. આ પુલ ધારાસભ્યના પ્રયાસોથી મંજૂર થયો હતો અને તેનું ખાતમુહૂર્ત ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે રાજુલા નાગરિક બેંકના ચેરમેન મહેન્દ્રભાઈ ધાખડા, પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય જયેશભાઈ વાણીયા, તાલુકા પંચાયત સદસ્ય પ્રતિનિધિ કનુભાઈ ધાખડા, રાજુલા નગરપાલિકા કારોબારી ચેરમેન હેમલભાઈ વસોયા તેમજ અન્ય મહાનુભાવો, સરપંચો અને મોટી સંખ્યામાં વાવેરા ગ્રામજનો, કાર્યકર્તાઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પુલ વાવેરા અને આસપાસના ગ્રામજનો માટે અવરજવરની સુવિધામાં મોટો વધારો કરશે.

# સાવરકુંડલા-રાજુલા રોડ પર ગેરકાયદે સ્પીડ બ્રેકરથી વાહનચાલકોને હાલાકી

અમરેલી,તા.૨૮



સાવરકુંડલા-રાજુલા રોડ પર થોરડી ગામની હાઈસ્કૂલ સામે બે ગેરકાયદે સ્પીડ બ્રેકર લોકો માટે મુશ્કેલી સર્જી રહ્યા છે. આ સ્પીડ બ્રેકર કોઈ નિયમ કે ચેતવણી ચિન્હ વિના બનાવેલા હોવાથી અકસ્માતો વધી રહ્યા છે. મોટરસાયકલ સ્લિપ થવાની અને ફોરવ્હીલને નુકસાન થવાની ઘટનાઓ સામાન્ય બની છે. સ્થાનિકોની માંગ છે કે જો સ્પીડ બ્રેકર જરૂરી હોય તો નિયમ મુજબ સફેદ પટ્ટા અને ચિન્હો સાથે બનાવવામાં આવે. ગઈકાલે આ ગેરકાયદે સ્પીડ બ્રેકરથી એક કારનો આગળનો ભાગ તૂટી ગયો હતો.

# ધારીની દામાણી તાલુકા શાળાના બાળકોને બેડ ટચ/ગુડ ટચ વિશે સમજણ અપાઈ

ધારી,તા.૨૮


તસવીર : સંજય વાળા

અમરેલી જિલ્લા પોલીસ દ્વારા "સુરક્ષા સેતુ" અંતર્ગત મિશન સ્માઈલ કાર્યક્રમનું આયોજન ધારીની દામાણી તાલુકા શાળા ખાતે એએસપી ગઢવીના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં 'કોમલ' ફિલ્મ બતાવવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓને સ્પર્શની સમજ અને ગુડ ટચ/બેડ ટચ વિશે સરળતાથી સમજ આપવામાં આવી હતી. એએસપી ગઢવીએ વિદ્યાર્થીઓને પોક્સો કાયદા વિશે પણ માહિતી આપી હતી. LIB પૂજાબેને એક્ટિવિટી દ્વારા શારીરિક સ્પર્શની વિસ્તૃત સમજ આપી હતી. શાળાના આચાર્ય જિજ્ઞેશપુરી ગોસ્વામીએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમમાં PI જાડેજા, ટાઉન જમાદાર સંજયભાઈ અને પોલીસ સ્ટાફ હાજર રહ્યા હતા.

# મેરીયાણાથી દોલતીના માર્ગ પર સાઈડમાં માટી પુરાણનું કામ અધુરૂ



અમરેલી,તા.૨૮

સાવરકુંડલા તાલુકાના મેરીયાણાથી દોલતી સુધીનો નવો માર્ગ બનવા છતાં, રોડની બંને બાજુના મોટા અને ભયજનક ખાળીયા પૂરવાનું કામ અધૂરું છે. ખાસ કરીને વળાંકવાળા વિસ્તારોમાં આ ખાળીયા અકસ્માતનું મોટું જોખમ ઊભું કરે છે. અધૂરા કામને કારણે વાહનચાલકોમાં ભયનો માહોલ છવાયો છે.

# અમરેલી શહેરમાં તા.૨૯ અને ૩૦મીએ મતદારો માટે ખાસ કેમ્પ યોજાશે

અમરેલી,તા.૨૮

અમરેલી શહેરમાં "કે. કે. પારેખ અને મહેતા આર. પી. વિદ્યાલય, ચિતલ રોડ, અમરેલી" ખાતે તા.૨૯-૧૧-૨૦૨૫ બપોરે ૧૨-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ ક. સુધી તથા તા.૩૦-૧૧-૨૦૨૫ બપોરે ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તથા ગ્રામ્ય વિસ્તારના મતદારો માટે મામલતદાર કચેરી, અમરેલી ખાતે મતદારયાદી શાખા, રૂમ નં.૪, ગ્રાઉન્ડ ફલોર ખાતે જરૂરી માર્ગદર્શન આપવા અંગે કામગીરી કરવામાં આવનાર છે. આ ખાસ કેમ્પમાં અમરેલી તાલુકાના તમામ મતદારો જોગ જણાવવાનું કે, મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (SIR) અન્વયે બાકી રહેતા મતદારો જેઓને ગણતરી ફોર્મ મળ્યુ હોય, અથવા ગણતરી ફોર્મ પરત આપવાનું બાકી હોય તેવા મતદારોને ગણતરી ફોર્મ (EF) ભરવા, સને ૨૦૦૨ની મતદારયાદીમાંથી પોતાનું કે માતા-પિતા-દાદા-દાદીનું નામ શોધવા અને ભરેલા ગણતરી ફોર્મ સ્વીકારવા અંગે કામગીરી કરવામાં આવશે.

**શહેરની મધ્યમાં આવેલી સોસાયટી નજીક દીપડો દેખાયો**

# બગસરાના રહેણાંક વિસ્તારમાં દીપડાના આંટાફેરાથી સ્થાનિકોમાં ભય

બગસરા,તા.૨૮


તસવીર : મયુર પંડ્યા

બગસરા શહેરની મધ્યમાં આવેલી સોસાયટીમાં દીપડાની અવરજવર થતી હોવાના વીડિયો વાયરલ થતા શહેરીજનોમાં ભયનો માહોલ છવાયો છે. દીપડો માનવ જિંદગી પર હુમલો કરે તે પહેલા તેને પકડી જંગલ વિસ્તારમાં છોડવામાં આવે તેવી રહેવાસીઓએ માંગ કરી છે. બગસરા પંથકમાં વન્યપ્રાણીઓના આંટાફેરા વધતા જતા હોવાથી લોકોમાં ભયનું લખલખુ પ્રસરી ગયુ છે. શહેરની મધ્યમાં આવેલી નવી બની રહેલી મામલતદાર કચેરીના સામેના વિસ્તારમાં જ દીપડાના આંટાફેરા વધ્યા છે. વ્રજભૂમિ સોસાયટીની દિવાલ પર જ દીપડો બેઠો હોવાનો વીડિયો વાયરલ થયો હતો.

જંગલ વિસ્તાર છોડી દીપડાના રહેણાંક વિસ્તારમાં આંટાફેરા વધવાથી વિસ્તારવાસીઓમાં ભયનો માહોલ છવાયો છે. રાત્રિના સમયે ઘરે આવતા લોકો પણ ફફડી રહ્યાં છે. દીપડો કોઈ માનવ જિંદગી પર હુમલો કરે તે પહેલા જ દીપડાને પકડવામાં આવે તેવી રહેવાસીઓએ વન વિભાગ સમક્ષ માંગ કરી છે. અત્રે નોંધનીય છે કે વર્ષો પહેલા એક માનવભક્ષી દીપડાએ અનેક લોકોને મોતને ઘાટ ઉતાર્યા હતા અને ત્યારબાદ તેને ઠાર મારવામાં આવ્યો હતો.

**રાત્રિના સમયે રહેવાસીઓ ઘરે આવતા પણ ફફડે છે, દીપડાને પકડવા વનખાતુ કાર્યવાહી કરે તેવી માંગ**

# સાવરકુંડલા તાલુકાના પિયાવા ગામે વિનામૂલ્યે સર્વ રોગ નિદાન કેમ્પ યોજાયો

અમરેલી,તા.૨૮



**કેમ્પમાં મોટી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો**

સાવરકુંડલા તાલુકાના પિયાવા ગામે આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે આંખની તપાસ અને સર્વ રોગ નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં કોમ્યુનિટી હેલ્થ ઓફિસર જાગૃતભાઈ ચૌહાણ, ઓપ્ટોમેટ્રિસ્ટ હાર્દિકભાઈ પટેલ, મેડિકલ ઓફિસર ડો. જયદીપ કિકાણી, પ્રકાશભાઈ હેલૈયા અને આશા બહેનોએ સેવા આપી હતી.

કેમ્પમાં આવેલા તમામ લોકોની આંખની તપાસ કરવામાં આવી હતી અને મોતિયાના દર્દીઓને આગળની સારવાર માટે મોકલવામાં આવ્યા હતા. આ કેમ્પનો બહોળી સંખ્યામાં ગ્રામજનોએ લાભ લીધો હતો.

# લાઠી-બાબરાના મતદારો માટે તા.૨૯ અને ૩૦મીએ ખાસ કેમ્પનું આયોજન

અમરેલી,તા.૨૮

મામલતદાર કચેરી લાઠી-બાબરા અને એમ.સી. હાઈસ્કૂલ દામનગર ખાતે તા.૨૯-૧૧-૨૦૨૫ બપોરે ૧૨-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ ક. સુધી તથા તા.૩૦-૧૧-૨૦૨૫ સવારે ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ સુધી ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ ખાસ કેમ્પમાં મામલતદાર કચેરી બાબરા ખાતે બાબરા શહેર તથા ગ્રામ્ય વિસ્તારના મતદારો ગણતરી ફોર્મના ડોક્યુમેન્ટ આપી શકશે. મામલતદાર કચેરી લાઠી ખાતે લાઠી શહેર, લાઠી ગ્રામ્યના શેખપીપરીયા, કેરીયા, નાના રાજકોટ, વીરપુર, કરકોલીયા, રામપર, મેથળી, ભુરખીયા, તાજપર, દહીથરા, માળવીયા પીપરીયા, મતિરાળા, દુધાળાબાઈ, અડતાળા, હરસુરપુર, જરખીયા, હિરાણા, ચાવંડ, દેરડીજાનબાઈ, પીપળવા, ભીંગરાડ, પ્રતાપગઢ, આસોદર, ઈંગોરાળા, આંબરડી, નારાયણગઢ, નારણગઢ, મેમદા, કાંચરડી, અકાળા, લુવારીયા, દુધાળાલાઠી, ટોડા, કેરાળા, કૃષ્ણગઢના મતદારો ભાગ લઈ શકશે. એમ.સી. હાઈસ્કૂલ દામનગર ખાતે દામનગર શહેર તથા છભાડીયા, ધ્રુફણિયા, ઠાંસા, મુળીયાપાટ, સુવાગઢ, હાવતડ, પાડરશીંગા, શાખપુર, હજીરાધાર, ભટ્ટવદર, ધામેલ, ધામેલપરા, ભાલવાવ, રાભડાના મતદારો ભાગ લઈ શકશે.









### વધતા જતા ચોરીના બનાવોને લઈને આમ આદમી પાર્ટીએ આવેદન પાઠવ્યું હતું

# બગસરા પંથકને ધમરોળતો તસ્કર પોલીસના હાથે ઝડપાયો, ૫૦ ચોરીની કબુલાત

બગસરા,તા.૨૮

બગસરા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસોથી ચોરીના બનાવોમાં વધારો થતાં સ્થાનિકોમાં ભયનો માહોલ હતો. પોલીસના નબળા પેટ્રોલિંગ સામે આમ આદમી પાર્ટી દ્વારા આવેદનપત્ર આપીને તાત્કાલિક પગલાં લેવાની માંગ કરવામાં આવી હતી. આપના આગેવાનોની રજૂઆત બાદ પોલીસ તંત્ર એક્શનમાં આવ્યું હતું. કડક તપાસ હાથ ધરવામાં આવતા, ગણતરીની કલાકોમાં એક આરોપીને પકડી પાડવામાં આવ્યો હતો. પકડાયેલા આરોપી વિજય ઉર્ફે કાદર હિંમતભાઈ મકવાણા (ઉંમર ૩૫, રહે. સિહોર)ની સઘન પૂછપરછમાં લગભગ ૫૦ જેટલાં ચોરીના ગુનાઓમાં તેની સંડોવણી હોવાનું બહાર આવ્યું છે. આ ગુનાઓ બગસરા, માવજીંજવા, જામકા અને હાલરીયા જેવા વિસ્તારોમાં દુકાનોમાં તેમજ શહેરમાં સોના-ચાંદીના દાગીના અને ઘરવખરીની ચોરીના હતા.પોલીસે આરોપી પાસેથી એક સ્પેન્ડર મોટરસાઈકલ, લોખંડનું પાનું, સળિયો અને રૂ. ૧૨,૦૦૦ રોકડા જેવો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આવા લિસ્ટેડ આરોપીને પકડ્યા બાદ પોલીસ દ્વારા શહેરના મુખ્ય બજારમાં સરઘસ પણ કાઢવામાં આવ્યું હતું. ચોરીના ગુનાનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે.


તસવીર : હાર્દિક બામટા

**ટ્રાફિક સહિતના પ્રશ્નોનું નિરાકરણ ક્યારે થશે?**

બગસરામાં વાહનચાલકોને પોલીસનો કંઈ જ ડર ન હોય તેમ આડેધડ વાહન પાર્કિંગ કરવામાં આવતું હોવાથી ટ્રાફિક સમસ્યા વકરી છે. શાક માર્કેટ નજીક આડેધડ લારીઓ રાખવામાં આવતી હોવાથી શાકભાજી લેવા આવતા લોકો પણ ભારે હાલાકીનો સામનો કરે છે. સાથોસાથ શહેરમાં સગીર વયના બાળકો પણ કોઈની જીંદગી જોખમાય તે રીતે ગાડીઓ ચલાવતા હોવાથી આવા લોકો સામે પોલીસ ક્યારે કાર્યવાહી કરશે તેવો સવાલ ઉભો થયો છે.

**આરોપીએ ૯ જિલ્લામાં ચોરીને અંજામ આપ્યો**

બગસરા પોલીસે ચોરીના ગુનામાં ઝડપેલ આરોપી વિજય ઉર્ફે કાદર હિંમતભાઈ મકવાણાએ રાજયના ૯ જેટલા જિલ્લાઓમાં ચોરીને અંજામ આપ્યો હતો. જેમાં અમરેલી, ભાવનગર, રાજકોટ, જૂનાગઢ, ગીરસોમનાથ, અમદાવાદ, સુરત, આણંદ, સુરેન્દ્રનગર, નવસારી જિલ્લાના વિવિધ શહેરોમાં વિજય મકવાણાએ ચોરી કરી હોવાની પોલીસ સમક્ષ કબુલાત કરી હતી. આરોપી વિજય મકવાણા સામે પાસાની કાર્યવાહી પણ થઈ હોવાનું સામે આવ્યું છે.

# કૃષિ રાહત પેકેજના ફોર્મ ભરવાની સમય મર્યાદા વધારવા ધારાસભ્ય જનક તળાવીયાની રજૂઆત

અમરેલી,તા.૨૮



ભારે માવઠાના કારણે રાજ્યભરના ખેડૂતોને ખેતીમાં વ્યાપક અને ગંભીર નુકસાન થયું છે. ખેડૂતોના પાકમાં થયેલા આ નુકસાનના વળતરરૂપે રાજ્ય સરકારે કૃષિ રાહત પેકેજની જાહેરાત કરી છે. આ માટે યોગ્યતા ધરાવતા ખેડૂતોને સહાય માટે ઓનલાઈન તથા ઑફલાઈન માધ્યમથી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. પરંતુ, ફોર્મ ભરવાની નિર્ધારિત અંતિમ તારીખ પૂર્ણ થવામાં ગણતરીનો સમય બાકી છે ત્યારે રાજ્યના અનેક તાલુકા–ગામડાઓમાંથી ખેડૂતો તરફથી વ્યાપક હાકલ ઉઠી રહી છે કે, દસ્તાવેજો મેળવવામાં મોડું થવું, ડિજિટલ સાધનોના અભાવને કારણે ઑનલાઈન એન્ટ્રીમાં પડતી મુશ્કેલીઓ, સેવા સદનો અને હેલ્પ સેન્ટરો પર અત્યંત ભીડ, ઘણા ગ્રામ્ય વિસ્તારોમાં નેટવર્કની અછત તેમજ પાક સર્વેની પ્રક્રિયામાં વિલંબ જેવા વાસ્તવિક કારણોને કારણે હજારો ખેડૂતો હજી સુધી પોતાનું ફોર્મ સબમિટ કરી શક્યા નથી.

આથી ખેડૂતોના આ પ્રશ્નોને ખૂબ જ સંવેદનશીલતા સાથે ધ્યાનમાં લઈને ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ આજે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રીને પત્ર લખી રજૂઆત કરી છે કે, "ફોર્મ ભરવાની સમય મર્યાદા વધારવામાં આવે જેથી એકપણ પાત્ર ખેડૂત સરકારની સહાયથી વંચિત ન રહે."

# સાવરકુંડલામાં રેલવે સ્ટેશને અધુરા કામ તાત્કાલિક પૂર્ણ કરવા મુસાફરોની માગણી

સાવરકુંડલા,તા.૨૮


તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલાના રેલવે સ્ટેશનને બે વર્ષ પહેલા આધુનિક બનાવવાની જાહેરાતો સાથે તેના કામનો પ્રારંભ થયો હતો. પરંતુ છેલ્લા એક વર્ષથી અચાનક જ આ કામ બંધ પડી ગયું છે. મુસાફરોને બેસવા માટેની પૂરતી વ્યવસ્થા નથી, રેલવે ટ્રેક પરના ઓવરબ્રિજનું કામ અધૂરું છે. આ મહાકાય રેલવે સ્ટેશનને ત્રણ દરવાજાઓ આપેલા છે પરંતુ પ્રથમ દરવાજેથી પ્રવેશ કરતા કામ સંપૂર્ણ પણે અધૂરું દેખાઈ રહ્યું છે. પ્લેટફોર્મ પર મુસાફરો માટે જે બેસવાની સુવિધાઓ જોઈએ તે જરૂરી અને યોગ્ય નથી. અહી રોજના ૪૦૦થી ૫૦૦ જેટલા મુસાફરો આવે છે, જેમાં વૃદ્ધો અને બાળકો પણ હોય છે. આ સુવિધાઓ બાબતે અનેક વખત અધિકારીઓ અને પદાધિકારીઓએ નિરીક્ષણ કર્યું છે અને ટૂંક સમયમાં પૂર્ણ કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે છતાં તે મુજબ કામ પૂર્ણ થયું નથી. આથી મુસાફરોની માગણી છે કે, એજન્સીઓ બદલીને પણ તાત્કાલિક આ કામ પૂર્ણ કરવામાં આવે.

# બાબરાના સુખપુરમાં આંગણવાડી કેન્દ્રનું જિલ્લા પંચાયતના સભ્ય દ્વારા અચાનક ચેકિંગ

બાબરા,તા.૨૮


તસવીર : દિપક કનૈયા

બાબરા તાલુકાના સુખપુર ગામ ખાતે જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડ દ્વારા આંગણવાડી કેન્દ્ર નં. ૪૯માં અચાનક સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ ચેકિંગ દરમિયાન બાળકોને મળતા શુદ્ધ અને પોષણયુક્ત બે સમયના નાસ્તાની વ્યવસ્થા, બાળકો માટે બેસવાની વ્યવસ્થા અને સમગ્ર કેન્દ્રની સ્વચ્છતાની વિગતે તપાસ કરવામાં આવી હતી. ચેકિંગ દરમિયાન આંગણવાડીમાં ખૂબ જ સારી સ્વચ્છતા, સુવ્યવસ્થિત કામગીરી તેમજ બાળકો માટે ગુણવત્તા વાળો નાસ્તો આપવામાં આવતો હોવાનું જોવા મળ્યું હતું. આ ઉત્તમ કાર્ય બદલ આંગણવાડીના સંચાલક અને સહાયક બહેનને અભિનંદન પાઠવ્યા હતા. આ ચેકિંગ દરમિયાન સુખપુર ગામના ભાજપ અગ્રણી યોગેશભાઈ ગોહિલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ગજેરા કેમ્પસમાં વિદ્યાર્થીઓ માટે અભ્યાસિક પ્રેરણા અને કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

અમરેલી,તા.૨૮



અમરેલીના જાણીતા શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ ખાતે બુધવારના રોજ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા દ્વારા માધ્યમિકથી કોલેજ સુધીના વિદ્યાર્થીઓ માટે અભ્યાસિક પ્રેરણા અને કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. આ સેમિનારમાં સંસ્થાના પ્રમુખે વિદ્યાર્થીઓને સંદેશ આપતા જણાવ્યું હતું કે, પોતાનું લક્ષ્ય નક્કી કરવું અને પોઝિટિવ વિચાર સાથે સતત મહેનત કરતી રહેવી તો સફળતા ચોક્કસ મળશે, વિદ્યાર્થીઓ એક અનંત શક્તિ, એક વિશાળ સપનું લઈને ચાલે તો તેઓ જીવનમાં સર્વોતમ સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે. આ પ્રસંગે મંત્રી ચતુરભાઈ ખુંટ, એમ.કે. સાવલિયા, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી, સ્કૂલ સુપરવાઈઝર વિજયભાઈ, શર્મીલાબેન, પ્રિન્સિપાલ જીગ્નેશભાઈ, કલ્પેશભાઈ તેમજ પ્લાઝામાંથી ચિરાગભાઈ, સંસ્થાના સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

# જાફરાબાદના છેલણા ગામે ગમખ્વાર અકસ્માતઃ રોંગ સાઈડ આવેલા ટેન્કર ટ્રકે વૃદ્ધનો ભોગ લીધો

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાં અકસ્માતની વધુ બે ઘટના બની હતી. જેમાં એકનું મોત અને એક વ્યક્તિ ઘાયલ થયો હતો. જાફરાબાદ તાલુકાના છેલણા ગામે એક અત્યંત કરુણ માર્ગ અકસ્માતની ઘટના સામે આવી હતી, જેમાં રોંગ સાઈડ પર પૂરઝડપે આવેલા એક ટેન્કર ટ્રકે સાયકલ પર જઈ રહેલા એક વૃદ્ધને ટક્કર મારી તેમનો ભોગ લીધો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, મનુભાઈ નારણભાઈ સુપા (ઉ.વ.૩૬)ના પિતા નારણભાઈ નાજાભાઈ સુપા, ઘરેથી નીકળીને તેમણે ભાગમાં રાખેલી વાલજીભાઈ ભગવાનભાઈ પટેલની વાડી તરફ સાયકલ લઈને ઘાસચારો લેવા જઈ રહ્યા હતા. નારણભાઈ છેલણા ગામના BPL વિસ્તાર પાસેના હાઈવે રોડ પર પહોંચ્યા. તે સમયે, એગ્રો કંપનીનું પાણીના ટેન્કર ટ્રક (રજી. નં. MP-૦૯-GF-૬૦૧૯) ના ચાલકે પોતાનો ટ્રક પૂરઝડપે અને માણસની જિંદગી જોખમાય તે રીતે રોંગ સાઈડમાં હંકારી લાવી નારણભાઈ સુપા સાથે જોરદાર અકસ્માત કર્યો હતો. આ અકસ્માતમાં નારણભાઈ સુપાને માથાના ભાગે તથા છાતીના ભાગે નાની-મોટી ગંભીર ઈજાઓ થતાં તેમનું સ્થળ પર જ કરુણ મોત નિપજ્યું હતું. અકસ્માતનો બીજો બનાવ બાબરા પંથકમાં બન્યો હતો. બાબરામાં ભાવનગર-રાજકોટ હાઈવે મધુરમ હોટલ પાસે GJ-૧૪-E-૬૪૮૯ નંબરની કારના ચાલકે કરીયાણા ગામના ધુધાભાઈ સુરાભાઈ સાનિયા (ઉ.વ.૪૦)ની ભાર રીક્ષાને ટક્કર મારી હતી. જેના કારણે પડી જતાં ગંભીર ઈજા પહોંચી હતી.

BLUE BUDDHA
END OF SEASON SALE
BUY 1@30% OFF
BUY 3@40% OFF
BUY 4@50% OFF
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
▪ મનિષ વાકોતર ▪ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

# રમત-ગમત સ્પર્ધામાં સા.કુંડલા હાઈસ્કૂલના પૂર્વ આચાર્યની સિદ્ધિ

અમરેલી,તા.૨૮



અમદાવાદના બાજ ખેડાવાળ મિત્ર મંડળ સિનિયર સિટીઝન ફોરમ દ્વારા યોજાયેલ રમત હરિફાઈમાં સાવરકુંડલાની એસ. વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલનાં પૂર્વ પ્રિન્સિપાલ વર્ષાબેન નરેન્દ્રભાઈ ખખ્ખરે શાનદાર પ્રદર્શન કર્યું છે. તેમણે લીંબુ ચમચી સ્પર્ધામાં પ્રથમ નંબર અને સંગીત ખુરશી સ્પર્ધામાં પણ પ્રથમ નંબર મેળવી રોકડ પુરસ્કાર હાંસલ કર્યો હતો. ભાઈઓ અને બહેનોની કુલ આઠ સ્પર્ધાઓમાંથી એકસાથે બે સ્પર્ધામાં પ્રથમ આવવાનું ગૌરવ એકમાત્ર વર્ષાબેનને મળ્યું હતું.

સંકુલ ફાર્મસી કોલેજ સ્ટાફ જોઈએ છે.
★ સંકુલ ફાર્મસી કોલેજ માટે લેડીઝ અથવા જેન્ટ્સ સ્ટાફ જોઈએ છે.
PCI - GTU નાં નિયમની લાયકાત ધરાવનારે રૂબરૂ સંપર્ક સાધવો
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 151

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

# અમરેલી જિલ્લામાં ૪ સ્થળેથી ૧૧ લીટર દેશી દારૂ મળ્યો

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાં પોલીસે ૪ સ્થળેથી ૧૧ લીટર પીવાનો દેશી દારૂ જપ્ત કર્યો હતો. ચલાલામાંથી ૨ લીટર, કડીયાળી ગામથી ૧ લીટર, હડાળા ગામે બે સ્થળેથી ૮ લીટર મળી કુલ ૧૧ લીટર પીવાનો દેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો. આ સિવાય જિલ્લામાંથી છ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ઝડપી પાડયા હતા.

-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-
નં.જન્મ-મરણ કેસ નં.68/2025

પ્રતિ,
શ્રી કાનાભાઈ ભીખાભાઈ વૈંશ,
રહે. પણાંદર, ગામ-પણાંદર, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી જે.બી.પરમાર કોડીનાર .....અરજદાર
વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, પણાંદર, તા.કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના પણાંદર ગામના રહીશ શ્રી કાનાભાઈ ભીખાભાઈ વૈંશના પિતા ભીખાભાઈ ભીમાભાઈ વૈંશનું મરણ તારીખ 01/06/1978 ના રોજ કોડીનાર તાલુકાના પણાંદર ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના પણાંદરના સને.1978 ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૪/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.
આજ તા.૨૫/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

# રાજુલામાં પીજીવીસીએલ દ્વારા ૩૮ કિ.મી. અંડરગ્રાઉન્ડ વાયરિંગ કામગીરીનું ધારાસભ્ય સોલંકીના હસ્તે ખાતમુહૂર્ત

રાજુલા,તા.૨૮

રાજુલા શહેરમાં વરસાદ-વાવાઝોડા દરમિયાન વારંવાર લાઈટ જવા જેવા વર્ષોના પ્રશ્નોને પૂર્ણવિરામ આપવાની દિશામાં ઐતિહાસિક વિકાસ પગલું ભરાયું છે. સમગ્ર શહેરમાં કુલ ૩૮ કિલોમીટર અંડરગ્રાઉન્ડ ઈલેવન કે.વી. વાયરિંગનું કામ રૂ. ૬.૫૦ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવ્યું છે. આ કામગીરીનું



ખાતમુહૂર્ત માર્કેટિંગ યાર્ડ સામે શહીદ ચોક ખાતે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે આજે યોજાયું. ધારાસભ્ય સોલંકીએ પી.જી.વી.સી.એલ.ની ટીમને આ મહત્વપૂર્ણ કાર્ય માટે અભિનંદન પાઠવતાં જણાવ્યું કે, રાજુલા શહેરમાં વીજ પુરવઠાની સમસ્યાઓ વર્ષોથી નાગરિકો માટે કંટાળાજનક બની ગઈ હતી. આ તકે રવુભાઈ ખુમાણ, જીગ્નેશભાઈ પટેલ, નગરપાલિકાના પ્રમુખ પ્રતિનિધિ મયુરભાઈ દવે, ઉપપ્રમુખ ઘનશ્યામભાઈ વાઘ, કારોબારી ચેરમેન હેમલ વસોયા, ધવલ દુધરેજીયા વગેરે આગેવાનો હાજર રહેલ હતા.

# અમરેલીના મહિલા ડોક્ટર સાથે ક્રેડિટ કાર્ડ ફ્રોડઃ અજાણ્યા ઠગે રૂ. ૧.૦૬ લાખ સેરવ્યા!

અમરેલી, તા.૨૮

અમરેલીમાં એક મહિલા ડૉક્ટર સાયબર ફ્રોડનો ભોગ બન્યા હોવાની ઘટના સામે આવી હતી. ડૉક્ટરનું ક્રેડિટ કાર્ડ એક્ટિવેટ થયું ન હોવા છતાં, અજાણ્યા ઠગે તેમને ફોન કરીને કેન્સલ કરાવવાના બહાને ઓનલાઈન છેતરપિંડી આચરી અને તેમના ખાતામાંથી કુલ રૂ.૧,૦૬,૨૬૩ની રકમ સેરવી લીધી હતી.

ફરિયાદી મહિલા ડૉક્ટર અપેક્ષાબેન મહેન્દ્રભાઈ પારેખ (લીંબાચીયા)ના જણાવ્યા મુજબ, તેમના મોબાઈલ પર ટેલિફોન નંબર ૦૭૯૩૯૦૨૦૨૦૨ પરથી અજાણ્યા વ્યક્તિનો ફોન આવ્યો હતો. ફોન કરનારે ડૉક્ટરનું ક્રેડિટ કાર્ડ કેન્સલ કરાવવાની વાત કરી હતી. કાર્ડ કેન્સલ કરાવવા માટે આરોપીએ ડૉક્ટર પાસે તેમના મમ્મીનું નામ અને જન્મતારીખ પૂછી હતી. ત્યાર બાદ, આરોપીએ મોબાઈલ નંબર ૬૨૦૪૦૧૫૨૬૧ પરથી ડૉક્ટરના વૉટ્સએપ ઉપર 'SBI CREDIT CARD' નામની એક APK ફાઈલ (એપ્લિકેશન ફાઈલ) મોકલી હતી. આ ફાઈલ દ્વારા ડૉક્ટરને વિશ્વાસમાં લઈ, અજાણ્યા આરોપીએ તેમની જાણ બહાર ક્રેડિટ કાર્ડના ખાતામાંથી જુદા-જુદા પાંચ ટ્રાન્ઝેક્શન કરીને કુલ રૂ.૧,૦૬,૨૬૩નું ઓનલાઈન ફ્રોડ કરીને છેતરપિંડી કરી હતી.

મહિલા ડૉક્ટરે તાત્કાલિક પોલીસમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે અજાણ્યા આરોપી સામે છેતરપિંડી અને સાયબર ફ્રોડનો ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીઆઈ ડી. કે. વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીના છતડીયા ગામના પાટીયા પાસે વકીલની કાર પર હુમલો

ધારી, તા.૨૮

ધારીના છતડીયા ગામના પાટીયા પાસે વકીલની કાર પર હુમલો થયો હતો. જેને લઈ દિનેશભાઈ ગીગાભાઈ ગોહિલ (ઉ.વ.૩૩ ધંધો. વકીલાત રહે.મુ.નારાયણનગર તા.લાઠી જી.અમરેલી હાલ રહે.અમરેલી)એ અજાણ્યા બે ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમની ગાડીમાં પંચર પપડ્યું હતું. જેથી તેઓ તથા સાહેદ ફોરવ્હીલ ગાડીનું ટાયર બદલતા હતા. તે દરમ્યાન અજાણ્યા સામાવાળાએ મોઢે કપડું બાંધીને મોટરસાયકલ લઈ તેમની ફોરવ્હીલ પાસે આવી જેમફાવે તેમ ગાળો આપી હતી. તેમજ તેમની ફોરવ્હીલના પાછળના ભાગે ધોકાનો ઘા કરી પાછળના ભાગના કાચ તોડી નુકસાન કર્યું હતું. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. માઢક વધુ તપાસ કરી રહ્યા છે.

# કોલંબો ખાતે ૧૭મી ICA-AP પ્રાદેશિક સભામાં મનિષ સંઘાણીની ઉપસ્થિતિ

અમરેલી,તા.૨૮

શ્રીલંકાના કોલંબો ખાતે ૨૪/૧૧/૨૦૨૫ થી ૨૮/૧૧/૨૦૨૫ દરમિયાન ૧૭મી ઈન્ટરનેશનલ કો-ઓપરેટીવ એલાયન્સ એશિયા અને પેસેફિક (ICA-AP) પ્રાદેશિક સભાનું આયોજન થયું હતું. આ સભાનું શ્રીલંકા રાષ્ટ્રીય સહકારી પરિષદ (NCCSL) સહિત અન્ય સંસ્થાઓ દ્વારા



આયોજન કરાયું હતું. આ મહત્વપૂર્ણ ઈવેન્ટમાં ICA ના અધ્યક્ષ એરિયલ ગુઆર્ક, ICA-AP ના અધ્યક્ષ ડો. ચંદ્રપાલ સિંઘ યાદવ, કૃભકોના અધ્યક્ષ વી. સુધાકર ચૌધરી, અને ઈફકોના એમડી કે.જે. પટેલ જેવા રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સહકારી અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતમાંથી, અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીએ આંતરરાષ્ટ્રીય સહકાર ક્ષેત્રના આ સંમેલનમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમની ઉપસ્થિતિથી સહકારી ક્ષેત્રમાં ભારતની ભૂમિકા મજબૂત બની છે.

# રાજુલામાં યુવકે લગ્નની લાલચ આપી યુવતીનું શારીરિક શોષણ કરતા ફરિયાદ નોંધાઈ

રાજુલા, તા.૨૮

રાજુલા વિસ્તારમાં એક યુવક સામે યુવતીને લગ્નની લાલચ આપી શારીરિક શોષણ કરવા અને છેતરપિંડી કરવાનો ગંભીર ગુનો નોંધાયો હતો. બનાવ અંગે, મૂળ મધ્યપ્રદેશની યુવતીએ ઉત્તર પ્રદેશના બલિયા જિલ્લાના ગૌઠાવલીના દયાનંદ ઉમેશ ગોંડ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીએ તેને લગ્ન કરવાનું વચન આપીને તેમની સાથે વારંવાર શારીરિક સંબંધ બાંધ્યા હતા. આરોપીએ 'હું તારી સાથે લગ્ન કરીશ' તેવી લાલચ આપીને કપટપૂર્વક યુવતીને છેતરી હતી અને લગ્ન કરવાનું ટાળ્યું હતું. લગ્નની લાલચ અને વચન આપીને યુવકે તેની સાથે અનેક વખત શરીર સંબંધ બાંધ્યો હતો. આ ઉપરાંત, આરોપીએ તેની સાથે મારપીટ પણ કરી હતી, જેના કારણે યુવતીના જમણા હાથના કાંડા પાસે મુંઢ ઈજા થઈ હતી.

# સાવરકુંડલામાં સેનિટેશન સુપરવાઈઝરને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી

**આરોપીએ રાજ્ય સેવકની કાયદેસરની ફરજમાં રૂકાવટ ઊભી કરીને અડચણરૂપ ગુનો કર્યો**

સાવરકુંડલા, તા. ૨૮

સાવરકુંડલા નગરપાલિકામાં ફરજ બજાવતા સેનિટેશન સુપરવાઈઝર તેમની કાયદેસરની ફરજ દરમિયાન ગટર સફાઈની નોકરીની વહેંચણી કરી રહ્યા હતા, ત્યારે એક વ્યક્તિએ તેમની ઓફિસમાં ઘૂસીને તેમને ગાળો ભાંડી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપીને સરકારી કામમાં રૂકાવટ ઊભી કરી હતી. આ અંગે હિમાંશુભાઈ બળવંતરાય ભટ્ટ (ઉ.વ.૪૯)એ હિમાંશુ શેખ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ સાવરકુંડલા નગરપાલિકામાં સેનિટેશન સુપરવાઈઝર તરીકેની પોતાની ફરજ નિભાવી રહ્યા હતા અને ગટર સફાઈના કામની વહેંચણી કરી રહ્યા હતા. તે દરમિયાન એક આરોપી તેમની ઓફિસમાં આવ્યો હતો અને તેમને જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગ્યો હતો. આરોપીએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ કૃત્ય દ્વારા આરોપીએ રાજ્ય સેવકની કાયદેસરની ફરજમાં રૂકાવટ ઊભી કરીને અડચણરૂપ ગુનો કર્યો હતો.

# 'તું ફોન દેવા આવતી હતી એટલે અમારી દીકરી ભાગી ગઈ' કહેતા યુવતીએ ફિનાઈલ પીધું

અમરેલી, તા.૨૮

અમરેલીમાં એક અત્યંત દુ:ખદ ઘટના સામે આવી છે, જેમાં સગા-સંબંધીઓના મહેણાં-ટોણાંથી લાગી આવતા એક યુવતીએ ફીનાઈલ પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ, ભોગ બનનાર યુવતીના સગામાં આવતા રવજીભાઈ સુરાભાઈ મકવાણાની દીકરી, બાલીબેન, અગાઉ એક છોકરા સાથે ભાગી ગઈ હતી. આ ઘટના બાદ બાલીબેનના દાદી, જવુબેન સુરાભાઈ મકવાણાએ, ભોગ બનનાર યુવતીને કડવા શબ્દો કહ્યા હતા. જવુબેને યુવતીને જણાવ્યું હતું કે, તું બાલીને ફોન દેવા આવતી હતી, એટલે અમારી દીકરી ભાગી ગઈ. સગા તરફથી સાંભળવા મળેલા આ શબ્દો ભોગ બનનાર યુવતીના મનમાં ઊંડે સુધી લાગી આવ્યા હતા. આ વાતનો વિચાર વારંવાર આવતા અને લાગણી દુભાતાં, યુવતીએ હતાશામાં આવીને પોતાની મેળે ફીનાઈલ પી લીધું હતું.

# લીલીયા મોટામાં ગટરના અધુરા કામ તાત્કાલિક પુરા કરવા રજૂઆત

લીલીયા,તા.૨૮

લીલીયા મોટાના ઈન્ચાર્જ સરપંચ વિજયભાઈ શેખલીયાએ કાર્યપાલક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગને પત્ર પાઠવીને ભૂગર્ભ ગટરના અધૂરા કામો તાત્કાલિક શરૂ કરાવવા ઉગ્ર રજૂઆત કરી છે. પટેલ નગર વિસ્તારમાં હાલ કામ ચાલુ છે, પરંતુ ધર્મશાળાથી બચુભાઈ પીપરડીવાળાની દુકાન સુધી, પંકજ પાનથી



કૃષ્ણ ટેઈલર, રૂપાલી પાનથી નીતિનભાઈ મોદીના ઘર સુધી, જુની પંચાયતથી સંધી સોસાયટી અને ભગવતી ફરસાણથી લાઠી રોડના ઢાળ સુધીની ગટરની લાઈન ચોકઅપ હોવાનું જણાવ્યું હતું. ગ્રામ પંચાયત દ્વારા અગાઉ પત્ર પાઠવીને આ પાંચેય વિસ્તારમાં નવી લાઈન નાખવા અને આર. સી.સી.ની કુંડીઓ બનાવવા રજૂઆત કરાઈ હતી. ચોમાસુ પૂરું થયા બાદ કામ શરૂ કરવાનું આશ્વાસન મળ્યું હતું, પણ એક મહિનો વીતી જવા છતાં કામ શરૂ ન થતાં સરપંચે તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ નોમ
તા. ૨૯-૧૧-૨૦૨૫, શનિવાર, સૂર્યોદય-૦૬:૫૯,
સૂર્યાસ્ત-૦૫:૫૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ પૂર્વભાદ્રપદ

## દૈનિક રાશિફળ

તા.૨૯-૧૧-૨૦૨૫ શનિવાર

મેષઃ આજનો દિવસ તમારા માટે અનુકૂળ પરિણામ આપવાનો છે. તમે સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો અને જે કામ ઘણા દિવસોથી અટકેલું છે તે આજે પૂર્ણ થશે.

વૃષભઃ આજનો દિવસ તમારા માટે વ્યસ્ત પરંતુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આજે ઘરની વસ્તુઓ ખરીદવામાં સમય લાગી શકે છે.

મિથુનઃ આજે તમને ગ્રહોની શુભ સ્થિતિને કારણે મોટી રકમ મળશે અને અટકેલા કામ પૂરા થતા મનમાં સંતોષ થશે.

કર્કઃ આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપનારો છે અને પિતાના આશીર્વાદ-ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી ચીજવસ્તુ મેળવવાની ઇચ્છા આજે પૂર્ણ થશે.

સિંહઃ તમારા માટે આજનો દિવસ સારો છે અને તમને અન્યની મદદ કરવામાં વધુ આનંદ મળે છે.

કન્યાઃ આજનો દિવસ આનંદદાયક છે. પરિવાર સાથે સારો સમય પસાર કરશો. આજે તમે તમારી પત્ની, બાળકો સાથે કંઈક સર્જનાત્મક કરશો.

તુલાઃ આજનો દિવસ ખાસ રહેશે અને તમારા વિવાહિત જીવનમાં ખુશીઓ વધશે. આજે મુસાફરી થઈ શકે છે, પરંતુ સલામતીનું ખાસ ધ્યાન રાખો.

વૃશ્ચિકઃ આજે તમે જે કાર્યો વિચાર્યા હતા તે પૂર્ણ કરી શકશો. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી રહેશે. વ્યવસાયમાં પરિવર્તનની યોજના છે.

ધનઃ આજનો દિવસ તમારા માટે સારા પરિણામ આપવાનો છે. નાણાકીય પક્ષ મજબૂત રહેશે. અટકેલા કામો પૂરા થશે અને ખ્યાતિ વધશે.

મકરઃ આજે અચાનક શરીરના દુ:ખાવાને લીધે વધુ ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે.

કુંભઃ આજે તમે તમારા હરીફો માટે માથાના દુ:ખાવા સમાન રહેશો. દાંપત્ય જીવનમાં ખુશાલીની સ્થિતિ રહેશે.

મીનઃ આજનો દિવસ શુભ છે અને શિક્ષણ-સ્પર્ધાના ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને વિશેષ સિદ્ધિઓ મળશે.

# અમરેલીમાં રહેતા યુવકના પૈસા રસ્તામાં પડી જતા નેત્રમની મદદથી પરત મળ્યા

અમરેલી,તા.૨૮

અમરેલીના લીલાનગર સાવરકુંડલા બાયપાસ ચોકડી પાસે રહેતા અશ્વિનભાઈ જગાભાઈ તુપેડીયાના ખિસ્સામાંથી અમરેલી બીજ નિગમથી સાવરકુંડલા જતા સમયે રોકડા રૂ.૫૦,૦૦૦નું બંડલ પડી ગયું હતું. તેમણે કમાન્ડ કન્ટ્રોલ સેન્ટર (નેત્રમ) નો સંપર્ક કરતાં, સાવરકુંડલા બાયપાસ ચોકડીના સીસીટીવી ફૂટેજ ચેક કરવામાં આવ્યા હતા. ફૂટેજમાં દેખાયું કે મોટરસાયકલ પર જતા અશ્વિનભાઈના ખિસ્સામાંથી બંડલ



પડ્યું અને ત્યાં બેઠેલા એક અન્ય મોટરસાયકલ સવાર વ્યક્તિએ તે ઉઠાવી લીધું હતું. જેથી પોલીસ દ્વારા અશ્વિનભાઈના સંબંધીને તે સ્થળે મોકલી, CCTVમાં દેખાયેલ વ્યક્તિનો સંપર્ક કરાયો હતો. પૂછપરછમાં તેને પૈસા મળ્યાની ખાતરી થતાં તેને કમાન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે બોલાવવામાં આવ્યો હતો. આખરે, પ્રામાણિક વ્યક્તિના સહયોગ અને નેત્રમની ત્વરિત કાર્યવાહીથી અશ્વિનભાઈને તેમના રૂ.૫૦,૦૦૦નું બંડલ સહી-સલામત પરત અપાયું હતું. અશ્વિનભાઈએ પોતાના પૈસા પરત અપાવવામાં મદદરૂપ થનાર પોલીસ કર્મચારીઓનો આભાર માન્યો હતો.

# અમરેલીમાં પતિએ પત્નીને 'તારી નજર આડી અવળી હોય છે' કહી ગાળો આપી

અમરેલી, તા.૨૮

અમરેલીમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો હતો. એક પતિએ તેની પત્નીને 'તારી નજર આડી અવળી હોય છે' તેમ કહી ગાળો આપી હતી. બનાવ અંગે નિર્મળાબેન રાઠોડ (ઉ.વ.૩૭)એ પતિ ભરતભાઈ છનાભાઈ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ જ્યારે ઘરની બહાર જાય ત્યારે તેમના પતિ તેના પર શંકા કરતા હતા. ઉપરાંત તેમને કહ્યું કે 'તારી નજર આડી અવળી હોય છે' તેમ કહી, ઉશ્કેરાઈ જઈ ગાળો આપી માર મારવા જતા હતા. આ સમયે તેમની દીકરી વચ્ચે પડતા તેને ડાબા પડખાના ભાગે વાગી જતા અને દીવાલ સાથે ભટકાઈ જતા મુંઢ ઈજા થઈ હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.વી. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

**કબીર સાહેબ સેવા ટ્રસ્ટ અને લાયન્સ ક્લબ અમરેલી સિટી દ્વારા**

# સા.કુંડલામાં વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો, ૧૧૪ દર્દીઓએ લાભ લીધો

અમરેલી,તા.૨૮

કબીર સાહેબ સેવા ટ્રસ્ટ, સાવરકુંડલા અને લાયન્સ ક્લબ ઓફ અમરેલી સિટી દ્વારા શ્રી નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સંચાલિત સુદર્શન નેત્રાલય હોસ્પિટલના સહયોગથી વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણિ આરોપણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં આંખના રોગોથી પીડાતા ૧૧૪ દર્દીઓએ



ઓપીડીનો લાભ લીધો હતો અને ૨૩ દર્દીઓને મોતિયાના ઓપરેશનનો લાભ મળ્યો હતો. તમામ ઓપરેશનો વિનામૂલ્યે કરવામાં આવ્યા હતા. આ કેમ્પ દર મહિનાના ચોથા ગુરુવારે છેલ્લા ૧૮ વર્ષથી નિયમિત યોજાય છે. દીપ પ્રાગટ્ય મહંત નારણદાસ સાહેબના હસ્તે થયું હતું.

# વડીયામાં બે દિવસ એસઆઈઆરની કામગીરી અંગે મતદારો માટે ખાસ કેમ્પ

અમરેલી,તા.૨૮

કલેક્ટર અમરેલીના માર્ગદર્શન તળે વડીયા તાલુકામાં "મામલતદાર કચેરી વડીયા" ખાતે તા.૨૯-૧૧-૨૦૨૫ બપોરે ૧૨-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી તથા તા.૩૦-૧૧-૨૦૨૫ બપોરે ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ ખાસ કેમ્પમાં વડીયા તાલુકાના તમામ મતદારો જોગ જણાવવામાં આવ્યું છે કે, મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ (SIR) અન્વયે બાકી રહેતા મતદારો જેઓને ગણતરી ફોર્મ મળેલ ન હોય, અથવા ગણતરી ફોર્મ પરત આપવાનું બાકી હોય તેવા મતદારોને ગણતરી ફોર્મ(EF) ભરવા, સને ૨૦૦૨ની મતદારયાદીમાંથી પોતાનું કે માતા-પિતા-દાદા-દાદીનું નામ શોધવા અને ભરેલા ગણતરી ફોર્મ સ્વીકારવા અંગે કામગીરી કરવામાં આવનાર છે. જેથી તમામ મતદારોએ આ કેમ્પનો લાભ લેવા મતદાર ઓળખપત્ર(ચૂંટણીકાર્ડ નકલ) સાથે રૂબરૂ હાજર રહેવા અનુરોધ કરાયો છે.

# સાવરકુંડલામાં રહેતી પરિણીતા ઘરેથી નીકળ્યા બાદ લાપતા બની

સાવરકુંડલા, તા.૨૮

સાવરકુંડલામાં રહેતી એક પરિણીતા 'કપડા દેવા જાવ છું' કહી નીકળ્યા બાદ પરત ફરી નહોતી. આ અંગે વિરાજભાઈ રાજુભાઈ માટલીયા (ઉ.વ.૩૪)એ જાહેર કર્યા મુજબ, તેમની પત્ની અગાઉ તેની બાજુમાં રહેતા દેવીબેન વિજયભાઈ જોષીના ઘરે લગ્ન હોવાથી તેના કપડા દેવા જાવ છું તેમ કહી ઘરેથી ક્યાંક જતી રહી હતી.

**તંત્રી લેખ**

# રાષ્ટ્રના ગૌરવ રૂપ અંધ મહિલા ક્રિકેટ ટીમની વિજયગાથા

વિશ્વભરમાં ક્રિકેટ આજે સૌથી વધુ લોકપ્રિયતા ધરાવે છે. પરંતુ હવે મહિલાઓ પણ આ ખેલમાં જરાય પાછળ નથી. ભારતીય અંધ મહિલા ક્રિકેટ ટીમની વિજયગાથા પ્રેરણા અને સમર્થનનું પ્રતીક બની છે. ભારતીય અંધ મહિલા ક્રિકેટ ટીમની તાજેતરની વિજયગાથાએ માત્ર રમતગમતના ઈતિહાસમાં જ નહીં, પરંતુ રાષ્ટ્રીય ચેતનામાં પણ એક નવું સોનેરી પ્રકરણ ઉમેર્યું છે. આ વિજય માત્ર એક ટ્રોફી જીતવા પૂરતો મર્યાદિત નથી; તે માનવની અદમ્ય ભાવના, અસાધારણ સંકલ્પ અને દૃઢ નિશ્ચયનું પ્રતીક છે. આ ખેલાડીઓએ સાબિત કરી દીધું છે કે જ્યારે હૃદયમાં જુસ્સો અને મનમાં મક્કમતા હોય, ત્યારે દૃષ્ટિની મર્યાદાઓ પણ સફળતાના માર્ગમાં બાધક બની શકતી નથી. ખરેખર, આ મહિલાઓએ પોતાની સિદ્ધિઓ દ્વારા સમગ્ર રાષ્ટ્રને ગૌરવ અપાવ્યું છે. આ ખેલાડીઓ માટે સામાન્ય ક્રિકેટના મેદાન સુધી પહોંચવું એ જ એક મોટો પડકાર હોય છે, ત્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે વિજય હાંસલ કરવો એ એક પરાક્રમથી ઓછું નથી. અંધ ક્રિકેટ, જેમાં દડાના અવાજ અને સ્પર્શના આધારે રમત રમાય છે, તેમાં સામાન્ય ખેલાડીઓ કરતાં અનેકગણી વધુ એકાગ્રતા અને શારીરિક શ્રમની જરૂર પડે છે. આ ખેલાડીઓ માત્ર તાલીમ માટેના પૂરતા સંસાધનો અને માળખાગત સુવિધાઓના અભાવ સામે જ નહીં, પણ સમાજની રૂઢિચુસ્ત માનસિકતા અને દિવ્યાંગો પ્રત્યેના ભેદભાવ સામે પણ લડી છે. તેમના માટેનો દરેક બોલ, દરેક દોડ અને દરેક કેચ માત્ર રમતનો ભાગ નહોતો, પરંતુ પૂર્વગ્રહોને તોડવાનો અને પોતાની ક્ષમતા સાબિત કરવાનો સંઘર્ષ હતો. તેમની આ જીત, તેમના અથાક પ્રયાસો અને ત્યાગની જીવંત સાબિતી છે. આ ઐતિહાસિક વિજયે ભારતમાં દિવ્યાંગ ખેલકૂદ માટે એક નવો યુગ શરૂ કર્યો છે. જ્યારે મુખ્ય પ્રવાહની ક્રિકેટ ટીમને કરોડો ચાહકોનો પ્રેમ, મીડિયા કવરેજ અને કોર્પોરેટ સ્પોન્સરશિપ મળે છે, ત્યારે અંધ ક્રિકેટરોની સફળતા મોટાભાગે અવગણાય છે. તેમ છતાં, આ મહિલાઓએ કોઈ પણ જાતની આર્થિક સુરક્ષા કે વ્યાપક સમર્થન વિના વિશ્વ મંચ પર પોતાનું કૌશલ્ય સાબિત કર્યું. તેમની રમતની ગુણવત્તા, તેમની ટીમ ભાવના અને દબાણ હેઠળ પ્રદર્શન કરવાની તેમની ક્ષમતા પ્રશંસનીય છે. તેઓએ સાબિત કર્યું કે પડદા પાછળ રહીને પણ સૂર્યની જેમ ચમકી શકાય છે. આ જીત માત્ર તેમના માટે જ નહીં, પરંતુ ભારતના દરેક દિવ્યાંગ બાળક માટે એક આશાનું કિરણ બની છે. આ મહિલા ટીમની સફળતા હવે પ્રેરણાનું એક મજબૂત પ્રતીક બની ગઈ છે. જે લોકો જીવનમાં કોઈ પણ પ્રકારની શારીરિક કે માનસિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે, તેમના માટે આ ખેલાડીઓ જીવતું ઉદાહરણ છે. તેઓ કહે છે કે સ્વપ્ન જોવા અને તેને સાકાર કરવા માટે આંખોની જરૂર નથી, પરંતુ હિંમતની જરૂર છે. આ ટીમે સમાજને એક મહત્વપૂર્ણ સંદેશ આપ્યો છે કે દિવ્યાંગ વ્યક્તિઓ દયાના નહીં, પરંતુ સમાન તકના હકદાર છે. તેમની સિદ્ધિઓ મુખ્ય પ્રવાહના ખેલાડીઓની જેમ જ સન્માન અને સરાહનાને પાત્ર છે. આ ખેલાડીઓનો દરેક વિજય સમગ્ર દેશની સંકલ્પ શક્તિને મજબૂત બનાવે છે. જોકે, આ વિજયની ઉજવણીની સાથે, આપણે આપણા સમર્થનની જવાબદારીને પણ યાદ રાખવી જોઈએ. આ મહિલાઓની મહેનત અને સિદ્ધિઓ છતાં, હજી પણ તેમને મળતું સરકારી અને કોર્પોરેટ સમર્થન મુખ્ય પ્રવાહના ખેલકૂદની તુલનામાં ઘણું ઓછું છે. પૂરતી તાલીમ સુવિધાઓ, આર્થિક સહાય, મેડિકલ સપોર્ટ અને પ્રોત્સાહક ઈનામોનો અભાવ તેમની કારકિર્દીને મુશ્કેલ બનાવે છે. આના કારણે ઘણી પ્રતિભાશાળી ખેલાડીઓ નાણાકીય મુશ્કેલીઓને કારણે રમત છોડવા મજબૂર થાય છે.

# સ્ટારશિપ એટલે આધુનિક અવકાશ વિજ્ઞાનનો ચમત્કાર

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

સ્પેસએક્સનું સ્ટારશિપ વિશ્વના સૌથી મહત્વાકાંક્ષી અને નવીન રોકેટ કાર્યક્રમોમાંનું એક મહત્વનું સોપાન છે. આ રોકેટ એટલી અસાધારણ ક્ષમતા ધરાવે છે કે તેને જોતા લાગે છે કે તે ભૌતિકશાસ્ત્રના નિયમોને તોડીને કોઈ જાદુઈ રીતે કાર્ય કરે છે. સ્ટારશિપની ઉડાનો અને તેની પુનઃઉપયોગ ક્ષમતાઓએ રોકેટ વિજ્ઞાનને એક નવી દિશા આપી છે, જેમાં જટિલતા અને પડકારોને સરળતાથી હલ કરવામાં આવે છે. સ્ટારશિપનું મંગળ મિશન અનોખું છે. માનવજાતને બહુગ્રહી બનાવવાની યાત્રા : સ્પેસએક્સનું સ્ટારશિપ રોકેટ માત્ર અવકાશમાં મુસાફરીનું સાધન નથી, પરંતુ તે માનવજાતને મંગળ ગ્રહ પર સ્થાયી કોલોની સ્થાપવાના મહત્વાકાંક્ષી સ્વપ્નને વાસ્તવિકતા બનાવવાનું માધ્યમ છે. એલોન મસ્કના નેતૃત્વ હેઠળ સ્પેસએક્સ આ મિશનને 'મેકિંગ લાઈફ મલ્ટીપ્લેનેટરી' તરીકે ઓળખે છે, જેનો અર્થ થાય છે કે પૃથ્વી પરથી આગળ વધીને અન્ય ગ્રહો પર જીવનને વિસ્તારવું. ૨૦૨૫ના અંત સુધીમાં સ્ટારશિપના પરીક્ષણોમાં આવેલી પ્રગતિ અને મે ૨૦૨૫માં મસ્ક દ્વારા આપવામાં આવેલા અપડેટ્સથી આ યાત્રા વધુ સ્પષ્ટ થઈ છે. સ્ટારશિપના મંગળ મિશનનો મુખ્ય ઉદ્દેશ્ય મંગળ ગ્રહ પર માનવોને મોકલીને ત્યાં એક આત્મનિર્ભર શહેરની સ્થાપના કરવાનો છે. મસ્ક માને છે કે આ મિશનથી પૃથ્વી પરના જોખમો – જેમ કે કુદરતી આફતો કે પર્યાવરણીય સમસ્યાઓથી માનવજાતને બચાવી શકાય. મંગળ પરનું વાતાવરણ મુખ્યત્વે કાર્બન ડાયોક્સાઈડથી બનેલું છે, જેમાં નાઈટ્રોજન અને આર્ગોન જેવા તત્વો છે. આ વાતાવરણને સંકુચિત કરીને છોડ ઉગાડી શકાય, અને ગ્રહના ૩૮ ટકા ગુરુત્વાકર્ષણને કારણે ત્યાં જીવન વધુ સરળ બની શકે. મંગળ પર પાણીનો બરફ અને અન્ય સંસાધનો પણ છે, જેનો ઉપયોગ મિથેન અને ઓક્સિજન ઉત્પાદન માટે થઈ શકે. સ્પેસએક્સની યોજના અનુસાર, પહેલા અનમેન્ડ મિશનો દ્વારા આ સંસાધનોનો ઉપયોગ કરીને આધારભૂત સુવિધાઓ બનાવવામાં આવશે, જેમ કે ફસલો માટે પારદર્શક ડોમ્સ અને રસાયણીય પ્લાન્ટ્સનો ઉપયોગ થશે. આ મિશનની તબક્કાવાર યોજના ખૂબ જ વ્યવસ્થિત છે. ૨૦૨૬ના અંત સુધીમાં પહેલા પાંચ અનમેન્ડ સ્ટારશિપ્સને મંગળ તરફ મોકલવાની તૈયારી છે. આ પ્રત્યેક બર્જ વિન્ડો જે દર બે વર્ષે ખુલે છે તેનો લાભ લઈને થશે. આ અનમેન્ડ મિશનોનો મુખ્ય ધ્યેય મંગળના વાતાવરણમાં પ્રવેશ, અવતરણ અને સુરક્ષિત લેન્ડિંગની પરીક્ષા કરવાનો છે. જો આ સફળ રહ્યા, તો ૨૦૨૮માં પહેલા મેન્ડ (માનવીય) મિશનની શક્યતા છે. મસ્કે મે ૨૦૨૫ના અપડેટમાં કહ્યું કે આ માટે ૫૦ ટકા તક છે, કારણ કે તાજેતરના પરીક્ષણોમાં જાન્યુઆરી, માર્ચ અને મેમાં સ્ટારશિપને કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો, જેમ કે મિડ-ફ્લાઈટમાં વિસ્ફોટ. તેમ છતાં, કંપની ૨૦૨૫ના અંતમાં ત્રીજા વર્ઝનના પ્રથમ લોન્ચ માટે તૈયારી કરી રહી છે. આ પછી, ૨૦૩૦થી કાર્ગો મિશનો શરૂ થશે, જેમાં સાધનો, હેબિટેટ્સ અને સપ્લાય મોકલવામાં આવશે. દરેક મિશનમાં સ્ટારશિપની સંખ્યા વધારવામાં આવશે – ૨૦૨૬માં પથી લઈને ૨૦૩૦ના દાયકામાં સેંકડો સુધી. આ માટે દરરોજ ૧૦ કરતાં વધુ લોન્ચ જરૂરી છે, જેની કિંમત એક મેટ્રિક ટન કાર્ગો માટે માત્ર ૧૦૦ મિલિયન ડોલર રહેશે. આ મિશનો માટે સ્ટારશિપની ડિઝાઈન પુનઃઉપયોગી છે, જેનાથી ખર્ચ ઘટે છે અને વધુ મિશનો શક્ય બને છે. પૃથ્વીની કક્ષામાં (એલઈઓ) પહોંચ્યા



પછી, સ્ટારશિપને રિફ્યુઅલિંગ માટે ટેન્કર વાહનોની જરૂર પડે છે. દરેક સ્ટારશિપને ૧,૨૦૦ મેટ્રિક ટન પ્રોપેલન્ટ જરૂરી છે, જેને ૧૦૦ મેટ્રિક ટન દીઠ ૧૨ રાઉન્ડ-ટ્રિપ લોન્ચથી પૂરું કરવું પડે. મંગળ પર પહોંચ્યા પછી, ઈન-સિટુ રિસોર્સ ટેકનોલોજીનો ઉપયોગ કરીને વાતાવરણમાંથી ઓક્સિજન અને મિથેન બનાવવામાં આવશે. આ માટે પહેલા મિશનોમાં મશીનો મોકલવામાં આવશે, જે મંગળના નાઈટ્રોજન, કાર્બન ડાયોક્સાઈડ અને પાણીના બરફનો ઉપયોગ કરશે. વૈજ્ઞાનિક અભ્યાસો અનુસાર, આ રીતે મંગળ પરની મુસાફરી ૭થી ૯ મહિનાની રહેશે, પરંતુ અદ્યતન ટ્રાજેક્ટરીથી તેને ૩ મહિના સુધી ઘટાડી શકાય. આ મિશનોમાં અનેક પડકારો પણ છે. પહેલા તો લોન્જિસ્ટિક્સની વાત છે – ૧૮ વધારાના સ્ટારશિપ્સ મોકલવા માટે ૨૧૬ ટેન્કર લોન્ચ જરૂરી છે, જેના માટે ઉચ્ચ લોન્ચ કેડન્સ અને ઉત્પાદન દર જરૂરી છે. બીજું, મંગળ પરના લેન્ડિંગ સાઈટ્સને પસંદ કરવું, જ્યાં નીચી ઊંચાઈ અને પાણીના બરફની ઉપલબ્ધિ હોય. ત્રીજું, વિકિરણ સુરક્ષા, જીવન સમર્થન સિસ્ટમ અને ડોકિંગ મિકેનિઝમ્સ જેવી તકનીકો હજુ વિકસાવવાની છે.

૨૦૨૫માં થયેલા પરીક્ષણોમાં વિસ્ફોટ અને અન્ય મુશ્કેલીઓએ આને વધુ જટિલ બનાવી છે, પરંતુ સ્પેસએક્સની 'રેપિડ અનપ્લાન્ડ અપગ્રેડ્સ' પ્રક્રિયાથી દરેક નિષ્ફળતા એક પાઠ બને છે. નાસા જેવી સંસ્થાઓ સાથેની પાર્ટનરશિપથી આને વધુ મજબૂત બનાવવામાં આવી રહ્યું છે. આખરે, સ્ટારશિપના મંગળ મિશન માનવ ઈતિહાસનો એક નવો અધ્યાય લખશે. મસ્ક કહે છે કે આ 'સૌથી મહાન સાહસિક કાર્ય' હશે, જેમાં નવી સંસ્કૃતિ બનાવવાની તક મળશે. ૨૦૨૬ના અનમેન્ડ મિશનથી લઈને ૨૦૩૦ના દાયકામાં લાખો લોકો અને મિલિયન્સ ટન કાર્ગો મોકલવા સુધી, આ યાત્રા વૈજ્ઞાનિક, આર્થિક અને તકનીકી ક્ષેત્રોમાં ક્રાંતિ લાવશે. જો આ સફળ થયું, તો મંગળ પરનું પ્રથમ બેઝ 'માર્સ બેઝ આલ્ફા' એક આત્મનિર્ભર શહેરમાં બદલાઈ જશે, જે માનવજાતને બહુગ્રહી બનાવશે. આ મિશન એ દર્શાવે છે કે માનવીય શ્રદ્ધા અને નવીનતાથી કોઈપણ સ્વપ્ન અગમ્ય નથી. સ્ટારશિપનું મુખ્ય લક્ષ્ય માનવને મંગળ ગ્રહ સુધી પહોંચાડવાનું અને અવકાશમાં મોટા પાયે સંશોધન શરૂ કરવાનું છે. આ રોકેટની ડિઝાઈન પૂર્ણપણે પુનઃઉપયોગી છે, એટલે કે તેના બુસ્ટર અને અપર સ્ટેજ બંને ઉડાન પછી પૃથ્વી પર જ ફરી વાપરી શકાય છે. પરંપરાગત રોકેટો એક વખત ઉડાન બાદ નાશ પામે છે, પરંતુ સ્ટારશિપ આખી પ્રક્રિયાને બદલી નાખે છે. તેના પ્રયોગો દર્શાવે છે કે રોકેટને ઉડાન પછી ફરીથી પૃથ્વી પર સુરક્ષિત રીતે લાવી શકાય છે અને તેને ફરીથી વાપરી શકાય છે.

આ પ્રક્રિયા એટલી અદ્ભુત લાગે છે કે તેને જોતા લાગે છે કે ભૌતિકશાસ્ત્રના કઠોર નિયમો પણ તૂટી રહ્યા છે. સ્ટારશિપની આ ક્ષમતાઓ રોકેટ વિજ્ઞાનને એક નવું પરિમાણ આપે છે. જ્યાં અગાઉ રોકેટને ઉડાન પછી પાછું લાવવું એ એક અશક્ય કાર્ય ગણાતું હતું, ત્યાં સ્ટારશિપ આને એક સામાન્ય પ્રક્રિયા જેવું બનાવી રહ્યું છે. બુસ્ટરને ટાવરમાં પકડવાની ટેકનિકથી રોકેટના જ્વલન પદાર્થોને ફરીથી ભરી શકાય છે અને તેને ટૂંકા સમયમાં ફરીથી ઉડાન માટે તૈયાર કરી શકાય છે. આ પુનઃઉપયોગની ક્ષમતા અવકાશ મિશનની કિંમતને નોંધપાત્ર રીતે ઘટાડે છે અને વધુ ઉડાનોની સંભાવના ઊભી કરે છે. આખરે, સ્ટારશિપ એ એવું તકનીકી સાધન છે જે રોકેટ વિજ્ઞાનની જટિલતાઓને સરળ અને વ્યવહારુ બનાવી રહ્યું છે. તેના દરેક પ્રયોગ એ દર્શાવે છે કે માનવીય શ્રદ્ધા, સતત પ્રયાસ અને નવીન વિચારસરણીથી એવી સિદ્ધિઓ હાંસલ કરી શકાય છે જે અગાઉ અશક્ય ગણાતી હતી. સ્ટારશિપના આ કાર્યો એવી ભાવના જગાડે છે કે ભવિષ્યમાં અવકાશ સફર એટલી સરળ બની જશે કે તે કોઈ સામાન્ય પ્રવાસ જેવી લાગશે. આ રોકેટ ન માત્ર તકનીકી ક્ષેત્રમાં જ વિપ્લવ લાવી રહ્યું છે, પરંતુ માનવજાતના અવકાશમાં સ્થાયી રીતે વસવાના સ્વપ્નને પણ વાસ્તવિકતામાં બદલી રહ્યું છે. સ્ટારશિપના આ સફળ પગલાં દર્શાવે છે કે જ્યાં ઈચ્છા અને પ્રયત્નનું સંયોજન થાય છે, ત્યાં કોઈપણ મર્યાદા અગમ્ય નથી.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૩૨૪ | ૧૪૮૫ |
| ઘઉં લોકવન | ૫૧૭ | ૫૭૬ |
| ઘઉં ટુકડા | ૫૨૩ | ૬૦૫ |
| જુવાર સફેદ | ૭૯૦ | ૯૧૦ |
| બાજરી | ૩૧૨ | ૫૬૨ |
| મકાઇ | ૩૯૦ | ૪૪૦ |
| તુવેર | ૧૦૮૦ | ૧૩૫૧ |
| ચણા પીળા | ૯૧૧ | ૧૦૯૦ |
| ચણા સફેદ | ૧૧૨૫ | ૧૮૩૦ |
| અડદ | ૯૧૫ | ૧૪૪૩ |
| મગ | ૧૨૦૦ | ૧૭૬૧ |
| વાલ દેશી | ૬૫૦ | ૯૦૦ |
| ચોળી | ૯૨૦ | ૧૩૨૪ |
| મઠ | ૯૦૦ | ૧૮૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૨૦૪૦ |
| કળથી | ૪૨૫ | ૫૪૦ |
| રાજમા | ૯૦૦ | ૧૫૦૦ |
| મગફળી જાડી | ૧૦૩૫ | ૧૪૧૧ |
| મગફળી જીણી | ૧૦૧૦ | ૧૩૭૦ |
| તલી | ૧૯૭૦ | ૨૨૮૪ |
| એરંડા | ૧૨૪૧ | ૧૩૨૬ |
| અજમો | ૧૨૭૦ | ૧૯૩૫ |
| સુવા | ૧૧૫૦ | ૧૬૭૫ |
| સોયાબીન | ૮૫૫ | ૮૮૫ |
| સીંગફાડા | ૯૫૦ | ૧૪૪૦ |
| કાળા તલ | ૩૫૨૦ | ૫૧૭૦ |
| લસણ | ૬૩૦ | ૯૬૦ |
| ધાણા | ૧૪૦૦ | ૨૦૦૧ |
| મરચા સુકા | ૧૦૦૦ | ૩૮૦૦ |
| ધાણી | ૧૪૪૦ | ૧૯૬૦ |
| જીરૂ | ૩૫૬૦ | ૪૧૦૦ |
| રાય | ૧૬૫૦ | ૧૯૧૫ |
| મેથી | ૧૧૨૦ | ૧૩૦૦ |
| ઇસબગુલ | ૧૨૫૦ | ૨૧૨૦ |
| અશેરીયો | ૧૧૫૦ | ૧૧૫૦ |
| રાયડો | ૧૨૫૦ | ૧૩૫૦ |
| રજકાનું બી | ૭૪૦૦ | ૯૭૦૫ |
| ગુવારનું બી | ૮૧૦ | ૯૨૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૧૩૨ | ૫૩૭ |
| પપૈયા | ૬૩ | ૯૩ |
| બટેટા | ૨૧૫ | ૪૩૬ |
| ડુંગળી સુકી | ૬૦ | ૧૬૫ |
| ટમેટા | ૬૫૯ | ૮૩૨ |
| સુરણ | ૭૦૨ | ૮૪૧ |
| કોથમરી | ૨૯૮ | ૪૨૫ |
| મુળા | ૩૫૧ | ૪૬૨ |
| રીંગણા | ૭૯૬ | ૧૧૭૯ |
| કોબીજ | ૨૫૪ | ૩૭૮ |
| ફ્લાવર | ૩૮૪ | ૫૮૮ |
| ભીંડો | ૬૭૮ | ૧૧૯૭ |
| ગુવાર | ૧૪૩૧ | ૧૯૮૨ |
| ચોળાસીંગ | ૮૮૪ | ૧૦૯૮ |
| વાલોળ | ૧૦૩૧ | ૧૩૮૯ |
| ટીંડોરા | ૫૦૭ | ૧૧૨૨ |
| દુધી | ૨૫૮ | ૩૯૨ |
| કારેલા | ૬૮૭ | ૧૦૨૩ |
| સરગવો | ૧૮૨૭ | ૩૦૩૯ |
| તુરીયા | ૯૭૧ | ૧૩૦૫ |
| પરવર | ૮૩૨ | ૧૧૯૭ |
| કાકડી | ૪૮૬ | ૭૫૩ |
| ગાજર | ૪૦૭ | ૬૦૮ |
| વટાણા | ૧૨૪૧ | ૧૪૦૬ |
| તુવેરસીંગ | ૯૮૯ | ૧૨૪૮ |
| ગલકા | ૫૦૭ | ૬૨૯ |
| બીટ | ૨૦૨ | ૩૫૩ |
| મેથી | ૬૨૪ | ૮૫૯ |
| વાલ | ૧૨૫૧ | ૧૪૬૨ |
| ડુંગળી લીલી | ૩૩૭ | ૪૪૮ |
| આદુ | ૯૧૩ | ૧૨૬૧ |
| ચણા લીલા | ૧૬૧ | ૯૯૭ |
| મરચા લીલા | ૪૭૯ | ૯૦૬ |
| હળદર લીલી | ૩૮૨ | ૫૪૧ |
| લસણ લીલું | ૧૨૫૭ | ૧૯૮૦ |
| મકાઇ લીલી | ૩૦૭ | ૪૧૭ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૫૦૮ | ૬૧૬ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૪૨૬ |
| એરંડા / એરંડી | ૧૦૭૬ | ૧૩૫૧ |
| તલ લાલ | ૨૩૯૧ | ૨૪૦૧ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૨૨૧ |
| ક્લંજી | ૧૦૦૦ | ૪૩૨૧ |
| ધાણા | ૯૦૧ | ૨૧૦૦ |
| લસણ સુકું | ૪૦૧ | ૮૯૧ |
| ડુંગળી લાલ | ૬૦ | ૨૮૬ |
| અડદ | ૮૧૧ | ૧૩૧૧ |
| મઠ | ૮૦૧ | ૮૪૧ |
| તુવેર | ૯૬૧ | ૧૨૫૧ |
| રાય | ૧૮૭૬ | ૧૮૭૬ |
| મેથી | ૬૦૧ | ૧૦૨૧ |
| કાંગ | ૪૯૧ | ૫૭૧ |
| સુરજમુખી | ૭૦૧ | ૭૦૧ |
| સફેદ ચણા | ૧૧૦૧ | ૧૮૯૧ |
| તલ - તલી | ૧૩૦૧ | ૨૨૫૧ |
| ધાણી | ૧૦૦૧ | ૨૦૨૧ |
| ડુંગળી સફેદ | ૬૬ | ૨૭૧ |
| બાજરો | ૩૩૧ | ૩૯૧ |
| જુવાર | ૮૧૧ | ૯૬૧ |
| મકાઇ | ૩૮૧ | ૩૯૧ |
| મગ | ૧૦૮૧ | ૧૫૭૧ |
| ચણા | ૯૦૧ | ૧૦૯૧ |
| વાલ | ૭૫૧ | ૧૫૪૧ |
| ચોળા / ચોળી | ૮૫૧ | ૧૧૩૧ |
| સોયાબીન | ૭૧૧ | ૯૭૬ |
| ગોગળી | ૭૫૧ | ૯૬૧ |
| વટાણા | ૨૮૧ | ૧૧૭૬ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૪૦૦ | ૧૦૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૬૦૦ |
| કોબી | ૧૦૦ | ૨૪૦ |
| દુધી | ૧૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૮૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૧૮૦ | ૧૨૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૧૮૦ | ૮૦૦ |
| ગાજર | ૧૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૧૦૦ | ૧૦૦૦ |
| તુવેર | ૪૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૬૮૦ | ૧૬૦૦ |
| વટાણા | ૮૦૦ | ૧૭૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૬૦૦ |
| કેરી કાચી | ૧૬૦૦ | ૨૦૦૦ |
| બટેટા | ૨૮૦ | ૩૮૦ |
| અંબાળા | ૪૦૦ | ૬૦૦ |
| લીલી હળદર | ૪૦૦ | ૬૦૦ |
| ડુંગળી પુરા | ૨ | ૮ |
| કોથમીર પુરા | ૧ | ૫ |
| મૂળા પુરા | ૪ | ૯ |
| ચ્રૂણ | ૮૦૦ | ૧૮૦૦ |
| અલાવિપન | ૮ | ૧૨ |
| ઘીસોડા | ૧૦૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૨ | ૭ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| ચોરા | ૩૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૪૦૦ | ૧૪૦૦ |
| વાલોર | ૫૦૦ | ૧૨૦૦ |
| કાચા પોપૈયા | ૩૦ | ૨૦૦ |
| આદુ | ૯૮૦ | ૧૪૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૪ | ૯ |
| પાલક પુરા | ૧ | ૬ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૭૩૦ | ૧૨૧૦ |
| શીંગ ૬૬ | ૧૧૦૫ | ૧૧૦૫ |
| શીંગ ગીરનાર | ૮૦૦ | ૧૨૯૯ |
| શિંગ મોટી | ૭૫૦ | ૧૩૬૭ |
| શિંગદાણા | ૧૦૦૦ | ૧૨૮૫ |
| શિંગદાણા ફાડા | ૧૧૯૦ | ૧૧૯૦ |
| તલ સફેદ | ૧૧૪૦ | ૨૫૪૫ |
| તલ કાળા | ૨૫૦૦ | ૫૬૪૦ |
| તલ કાશ્મીરી | ૨૧૦૦ | ૨૩૪૫ |
| બાજરો | ૩૩૨ | ૩૯૪ |
| જુવાર | ૩૬૦ | ૧૦૭૫ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૬૭ |
| ઘઉં લોકવન | ૫૧૨ | ૫૭૭ |
| મગ | ૧૨૨૦ | ૧૩૩૩ |
| અડદ | ૮૫૦ | ૧૦૯૬ |
| ચણા | ૮૯૦ | ૧૧૨૬ |
| સફેદ ચણા | ૯૭૫ | ૧૦૩૦ |
| છોલે ચણા | ૧૦૮૫ | ૧૬૦૧ |
| વટાણા | ૧૭૦૫ | ૧૭૦૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૦૫૦ |
| કપાસ | ૭૦૦ | ૧૫૮૦ |
| એરંડા | ૧૦૮૩ | ૧૨૮૪ |
| જીરૂ | ૩૩૯૦ | ૩૯૨૫ |
| ધાણા | ૧૧૨૫ | ૧૯૪૫ |
| મેથી | ૧૦૨૧ | ૧૦૯૭ |
| સોયાબીન | ૫૫૦ | ૮૭૫ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૩૪૦ | ૪૫૦ |
| રીંગણા | ૮૪૦ | ૧૨૦૦ |
| ફ્લાવર | ૨૨૦ | ૩૪૦ |
| કોબીજ | ૨૨૦ | ૩૪૦ |
| શક્કરીયા | ૬૨૦ | ૮૨૦ |
| ટમેટાં | ૮૦૦ | ૯૦૦ |
| સુરણ | ૫૧૦ | ૬૨૦ |
| ગાજર | ૫૦૦ | ૮૦૦ |
| દુધી | ૩૨૦ | ૫૪૦ |
| કારેલા | ૭૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૫૨૦ | ૮૦૦ |
| મુળા | ૨૬૦ | ૪૦૦ |
| કાકડી | ૪૦૦ | ૮૪૦ |
| ગુવાર | ૮૪૦ | ૧૬૫૦ |
| વાલોળ | ૯૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલા | ૬૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૮૪૦ | ૧૨૦૦ |
| વાલ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| આમળા | ૬૦૦ | ૭૪૦ |
| ભીંડો | ૭૦૦ | ૧૦૪૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૮૦૦ |
| આદુ | ૯૨૦ | ૧૪૨૦ |
| કોથમીર | ૨૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફોદીનો | ૯૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૮૦૦ |
| બીટ | ૨૮ | ૪૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| લીમડો મીઠો | ૨૯૦ | ૩૧૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૧૦૪૦ |
| મરચાં લાલ | ૩૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૨૫૦ | ૪૫૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૨૯૦ |
| લસણ લીલું | ૧૨૦૦ | ૨૪૦૦ |
| લસણ સુકું | ૪૨૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૨૬૦ | ૫૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૯૫૦ | ૧૨૦૫ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૩૫૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૬૫ |
| તલ કાળા | ૪૦૭૦ | ૫૪૨૫ |
| જીરૂ | - | ૩૮૬૧ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૬૦ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૭૦ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૫૯૦ |
| જુવાર | ૧૧૮૧ | - |
| અડદ | ૯૦૦ | ૧૩૧૮ |
| ચણ | ૮૫૦ | ૧૧૦૨ |
| ધાણા | ૧૨૦૦ | ૧૩૮૦ |
| સોયાબીન | ૮૫૦ | ૮૭૫ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ એ | ૯૦૦ | ૧૦૫૦ |
| સફેદ ચણા | ૧૪૪૦ | ૧૪૪૦ |
| એરંડા | ૧૧૩૧ | ૧૨૨૬ |
| કલોંજી | ૪૦૦૦ | ૪૧૦૦ |
| તલ | ૨૧૫૦ | ૨૧૫૦ |
| તુવેર | ૧૧૩૦ | ૧૧૩૦ |
| ધાણા | ૧૦૫૦ | ૧૬૯૦ |
| શીંગદાણા | ૧૦૫૦ | ૧૧૨૦ |
| મગ | ૧૫૫૫ | ૧૫૫૫ |
| સોયાબીન | ૭૫૧ | ૮૨૫ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૯૫૦ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૫૬ |
| ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૭૬ |
| અડદ | ૯૦૦ | ૧૧૩૧ |
| ચણા | ૭૦૦ | ૧૦૨૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૮૫૧ |
| મેથી | ૭૦૦ | ૯૪૦ |
| લસણ | ૪૦૧ | ૫૨૦ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૫૦૪ | ૮૮૦ |
| જુવાર | ૩૬૦ | ૩૬૦ |
| મગફળી | ૬૦૦ | ૧૦૬૦ |
| ચણા સફેદ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| તલ કાળા | ૩૬૨૫ | ૩૬૩૦ |
| શીંગ ફાડા | ૯૦૦ | ૧૨૦૫ |

**લીલીયા મોટા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૦ | ૧૫૧૯ |
| કપાસ સીંગ્રેડ | ૭૩૦ | ૭૩૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૮૫૦ | ૧૧૪૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૧૦૦ |
| કપાસ | ૯૫૦ | ૧૪૫૧ |
| બાજરો | ૩૬૫ | ૫૫૧ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૫૦ |
| જુવાર | ૮૧૦ | ૯૮૦ |
| અડદ | ૫૦૦ | ૭૩૧ |
| ચણા | ૯૭૧ | ૯૭૧ |
| સોયાબીન | ૫૬૧ | ૮૪૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૨૦૦ | ૧૫૨૫ |
| કપાસ મીડીયમ | ૮૮૦ | ૧૨૦૦ |
| મગફળી | ૧૦૦૪ | ૧૩૨૬ |
| તલ સફેદ | ૧૬૩૫ | ૨૦૯૫ |
| જીરૂ | ૩૦૮૫ | ૪૦૨૫ |
| ઘઉં | ૪૬૪ | ૫૫૬ |
| અડદ | ૯૧૦ | ૧૨૩૦ |
| ચણા | ૯૯૦ | ૧૦૯૦ |
| સોયાબીન | ૮૦૫ | ૮૬૫ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૫૪૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૩૬ |
| ચણા | ૭૦૧ | ૧૦૮૧ |
| અડદ | ૮૦૧ | ૧૨૩૬ |
| તુવેર | ૭૦૧ | ૧૦૫૧ |
| મગફળી | ૭૦૧ | ૧૨૫૬ |
| શીંગ ફાડા | ૧૦૦૦ | ૧૧૮૬ |
| સફેદ તલ | ૧૫૦૧ | ૨૧ |
| મેથી | ૫૦૦ | ૮૦૧ |
| ધાણા | ૧૧૦૦ | ૧૯૫૧ |
| સોયાબીન | ૭૦૧ | ૯૦૦ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ૩૨ | ૯૦૧ | ૧૨૨૬ |
| શીંગ ૩૯ | ૮૭૮ | ૧૨૩૨ |
| શીંગ ગીરનાર | ૯૬૨ | ૧૨૮૨ |
| શીંગ જી-૨૦ | ૯૫૧ | ૧૩૨૬ |
| જુવાર | ૩૭૧ | ૭૦૦ |
| બાજરી | ૨૮૦ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૬૧૬ |
| મકાઈ | ૩૪૦ | ૩૪૦ |
| અડદ | ૪૪૪ | ૧૩૦૦ |
| મગ | ૧૪૦૧ | ૧૪૫૧ |
| મેથી | ૬૦૦ | ૬૦૦ |
| સોયાબીન | ૬૭૬ | ૮૮૦ |
| ચણા | ૯૭૧ | ૯૭૧ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૭૪ |
| વરીયાળી | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ડુંગળી લાલ | ૫૦ | ૨૨૧ |
| ડુંગળી સફેદ | ૧૦૦ | ૨૨૧ |
| ડુંગળીસફેદએક્સપોર્ટ | ૨૨૫ | ૪૭૪ |
| કપાસ શંકર | ૮૭૮ | ૧૫૩૨ |
| નાળીયેર | ૩૪૨ | ૨૩૬૯ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| કપાસ ડોળાસા | ૧૦૫૦ | ૧૪૮૧ |
| મગફળી જી-૨૦ | ૯૨૧ | ૧૩૩૧ |
| મગફળી ૩૨ | ૮૫૧ | ૧૧૯૩ |
| બાજરો | ૩૫૦ | ૫૯૫ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૬૨ |
| જુવાર | ૭૫૦ | ૯૩૫ |
| અડદ | ૭૦૦ | ૧૪૦૫ |
| ચણા | ૯૨૧ | ૧૦૯૨ |
| તલ | ૧૫૦૦ | ૨૨૨૨ |
| તલ કાળા | ૩૪૦૦ | ૫૦૫૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૭૪ |

**જામનગર**

| | | |
|---|---|---|
| બાજરો | ૨૯૦ | ૩૪૫ |
| ઘઉં | ૪૮૦ | ૫૬૭ |
| મગ | ૧૨૦૦ | ૧૫૫૦ |
| અડદ | ૯૦૦ | ૧૨૮૦ |
| તુવેર | ૩૦૦ | ૫૧૫ |
| ચોળી | ૫૪૦ | ૧૨૧૦ |
| વાલ | ૨૦૦ | ૩૧૫ |
| ચણા | ૯૦૦ | ૧૦૮૮ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૫૧૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| મગફળી જાડી | ૧૦૭૫ | ૧૨૯૦ |
| મગફળી ૬૬નં. | ૧૨૦૦ | ૧૪૩૫ |
| મગફળી ૯ નં. | ૧૩૦૦ | ૧૬૬૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૩૦૪ |
| તલ | ૧૩૮૦ | ૨૪૭૦ |
| લસણ | ૪૭૫ | ૯૬૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૧૮૫ |
| અજમો | ૧૧૦૦ | ૩૧૯૦ |
| અજમાનીભુકી | ૯૦ | ૨૨૪૫ |
| ધાણા | ૧૩૦૦ | ૧૮૪૦ |
| મરચા | ૨૫૦ | ૨૦૦૫ |
| ડુંગળી સુકી | ૫૦ | ૨૮૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૯૫ |
| રાજમા | ૧૦૦ | ૩૦૦ |
| વટાણા | ૩૪૦ | ૧૨૦૦ |

## શબ્દ સંજોગ-૨૧૦૯



**આડી ચાવી :**
(૧) દાદરા નગર.....(એક કેન્દ્રસાશિત પ્રદેશ) (૩)
(૨) સંતોષ (૩)
(૩) પરવરદિગાર (૨)
(૫) હાર, જોડ (૩)
(૬) જેમાં પાન ખરે તે ઋતુ (૪)
(૮) દાગીનો, ઘરેણું (૩)
(૧૧) એક રાશિ (૩)
(૧૨) ....ત્યાં જંપ (૨)
(૧૩) લવનો ભાઈ (૨)
(૧૪) રમત, ક્રિડા (૨)
(૧૫) મોટાની સાથેનો સંબંધ (૫)
(૧૬) ગધેડો (૩)
(૧૮) વિષ્ણુ ભગવાનનો એક અવતાર (૩)
(૨૦) એક ફળ (૨)
(૨૨) રડાકૂટ, શોક (પર્યાય અવળો) (૩)
(૨૩) માહિતગાર (૩)

**ઉભી ચાવી :**
(૧) ખેડૂત (૪)
(૪) રસ્તો, ડગર (૨)
(૭) લખેલું ભૂંસવા માટે વપરાય (૩)
(૯) જાહેર, ચળકતુ (૩)
(૧૦) એક ફૂલ (૩)
(૧૩) મદદ, સહાય (૩)
(૧૪) ભલે, હશે (૨)
(૧૫) વાપર, ઉપયોગ (૪)
(૧૭) બળદની એકધારા વેગવાળી ચાલ (૩)
(૧૯) અંગ્રેજીમાં પ્રાર્થના કરો (૧)
(૨૧) વહાલુ, પ્રિય (૩)
(૨૨) લશ્કરી વહાણ (૪)
(૨૪) હોડ, બોલી, કરાર (૩)
(૨૫) લોઢું (૩)
(૨૬) દ્વારા, વચમાં રાખીને (૪)

## શબ્દ સંજોગ-૨૧૦૮ જવાબ

**આડી ચાવી:** (૧) અમાસ (૩) ભાણેજ (૬) ખમણ (૭) ગજર (૮) રેવતી (૧૦) વસાત (૧૧) લીલ (૧૨) ખંડ (૧૩) ફાંસ (૧૪) યકૃત (૧૬) કંકુ (૨૦) ડખો (૨૧) થાપ (૨૩) સખતળી (૨૬) લક્કડખોદ (૨૭) વાવ (૨૮) પોંક (૨૯) આચમન. **ઉભી ચાવી:** (૧) અમરેલી (૨) સખતી (૩) ભાણવડ (૪) જગત (૫) કરમસદ (૯) વલય (૧૨) ખંત (૧૫) કૃપા (૧૭) કુંડળી (૧૮) પૃથા (૧૯) રીખખો(ખોખરી) (૨૨) પલક (૨૩) સડક (૨૪) તદઆ(આદત) (૨૫) સ્તવન (૨૭) વામ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા અમરેલી જિલ્લાની ૯ તાલુકા પંચાયત માટે અનામત બેઠકો જાહેર

**સાવરકુંડલા, ધારીને બાદ કરતા તમામ તાલુકા પંચાયતોમાં ફેરફાર**

અમરેલી,તા.૨૮

આવનાર સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે રાજય ચૂંટણી આયોગ દ્વારા અમરેલી જિલ્લાની નગરપાલિકાઓ માટે અનામત બેઠકો જાહેર કર્યા બાદ હવે અમરેલી જિલ્લાની ૧૧ પૈકી ૯ તાલુકા પંચાયત માટે અનામત બેઠકો જાહેર કરી છે. આ ૯ તાલુકા પંચાયતો એટલે અમરેલી, બગસરા, વડીયા-કુંકાવાવ, રાજુલા, ખાંભા, લાઠી, જાફરાબાદ, બાબરા અને લીલીયાનો સમાવેશ થાય છે. જયારે સાવરકુંડલા અને ધારી તાલુકા પંચાયત માટે અનામત બેઠકોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. જે તાલુકા પંચાયતની બેઠકોમાં ફેરફાર કરવામાં આવ્યો છે તેની યાદી આ પ્રમાણે છે.

| તાલુકા પંચાયત | કુલ બેઠકો | અ.જા. | અ.જ.જા. | શૈ.પ. વર્ગ | સામાન્ય |
|---|---|---|---|---|---|
| અમરેલી | ૧૮ | ૨ | ૧ | ૫ | ૧૦ |
| જાફરાબાદ | ૧૬ | ૧ | ૧ | ૪ | ૧૦ |
| બગસરા | ૧૬ | ૨ | ૧ | ૪ | ૯ |
| કુંકાવાવ/ વડીયા | ૧૬ | ૨ | ૧ | ૪ | ૯ |
| લીલીયા | ૧૬ | ૧ | ૧ | ૪ | ૧૦ |
| લાઠી | ૧૬ | ૧ | ૧ | ૪ | ૧૦ |
| બાબરા | ૧૮ | ૧ | ૧ | ૫ | ૧૧ |
| રાજુલા | ૨૦ | ૨ | ૧ | ૫ | ૧૨ |
| ખાંભા | ૧૬ | ૧ | ૧ | ૪ | ૧૦ |

# વડીયા મામલતદાર દ્વારા અનાજ માફિયાઓ પર તવાઈ



વડીયા, તા.૨૮

વડીયામાં છેલ્લા ઘણા સમયથી રેશનકાર્ડથી મળતું રાશન લોકો ફેરિયાઓને વેચીને તે જથ્થો અન્ય જિલ્લાઓમાં સપ્લાય કરતા હોવાનું જાણવા મળ્યું છે. વડીયાના મામલતદાર દ્વારા આ બાબતે ભૂતકાળમાં પણ બિનઅધિકૃત અનાજના જથ્થાને પકડી કાર્યવાહી કરવામાં આવી હતી. હવે ફરીથી આ પ્રવૃત્તિ વધતા પુરવઠા તંત્ર પણ કાર્યવાહી કરી રહ્યું છે. બે દિવસ પહેલા બાતમીના આધારે વડીયામાં પોલીસ ક્વાટર્સ પાછળ આવેલા સદગુરુ નગરના એક મકાનમાં તપાસ કરતા બિનઅધિકૃત ૨૭૩.૯ કિગ્રા ઘઉં, ચોખા-૪૦૦.૦૫ કિગ્રા અને ચણા-૧૫૦.૯૫૦ કિગ્રા સહિત વજનકાંટો અને માલવહક રીક્ષા મળી કુલ રૂ. ૮૨,૦૩૯નો જથ્થો સીઝ કાર્યો હતો. લોક ચર્ચા મુજબ આ રેકેટ સમગ્ર જિલ્લામાં ચાલે છે અને જો અનાજ ખરીદનારાની સઘન પૂછપરછ કરવામાં આવે તો અનેક રેશનકાર્ડ ધારકોના નામ ખુલી શકે તેમ છે. હાલ વડીયાના ઈન્ચાર્જ મામલતદાર કેજરભાઈ સિંધી અને ઈન્ચાર્જ પુરવઠા મામલતદાર કુલદીપસિંહ સિંધવ આ બિનઅધિકૃત અનાજના જથ્થા બાબતે સઘન કાર્યવાહી કરી રહ્યા છે.

# સા.કુંડલાની કાણકિયા કોલેજ ખાતે ટ્રાઈ દ્વારા ગ્રાહક જાગૃતિ સેમિનાર




અમરેલી,તા.૨૮

સાવરકુંડલાની કાણકિયા કોલેજ ખાતે ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને લાયન્સ ક્લબ ઓફ સાવરકુંડલાના સંયુક્ત ઉપક્રમે કન્ઝ્યુમર કાર્યક્રમ સેમિનાર યોજાયો હતો. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ તેમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. ભાવનગર ગ્રાહક સુરક્ષા મંડળના સેક્રેટરી મયંકભાઈ ગોસાઈ, સાઈબર ક્રાઈમના પી.આઈ. કુંગાસીયા સાહેબ, પ્રિન્સિપાલ રવૈયા સાહેબ, BSNL, Jio, Airtel ના પ્રોવાઈડર્સ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારમાં વર્તમાન સમયમાં વધી રહેલા સાયબર ક્રાઈમ અંગે વિદ્યાર્થીઓને મહત્વપૂર્ણ માહિતી અને સુરક્ષાના ઉપાયો જણાવવામાં આવ્યા હતા.

# ખેડૂત રાહત પેકેજ માટે અરજીની સમય મર્યાદા ૫ ડિસેમ્બર ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી



અમદાવાદ, તા.૨૮

ગુજરાતમાં તાજેતરના અસાધારણ કમોસમી વરસાદથી ખેડૂતોના પાકને થયેલા વ્યાપક નુકસાનને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા ઐતિહાસિક રૂ. ૧૦,૦૦૦ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું. આ પેકેજનો લાભ વધુમાં વધુ ખેડૂતો સુધી પહોંચે તે માટે ૧૪ નવેમ્બરથી ૧૫ દિવસ માટે ઓનલાઈન અરજી પોર્ટલ ([https://krp.gujarat.gov.in](https://krp.gujarat.gov.in)) ખુલ્લું રાખવામાં આવ્યું હતું. આ રાહત પેકેજનો લાભ મેળવી શકે તેવા ખેડૂતો માટે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સાથેની ચર્ચા પછી, કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જાહેરાત કરી છે કે, પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની સમય મર્યાદા ૭ દિવસ લંબાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. હવે, ખેડૂતો માટે છેલ્લી તારીખ ૫ ડિસેમ્બર ૨૦૨૫ રહેશે. કૃષિ મંત્રી વાઘાણીએ apel કરી છે કે, રાજ્યમાં હજુ પણ જે નુકશાનગ્રસ્ત ખેડૂતો માટે અરજી કરવાની બાકી છે, તેઓ આ સાત દિવસમાં પોતાની અરજી પૂર્ણ કરે, જેથી તેમને સહાયથી વંચિત ન રહેવું પડે.

# ધારીના મનમંદિર સંકુલની વોલીબોલ ટીમોએ જિલ્લા કક્ષાએ ગૌરવ વધાર્યું



તસવીર : સંજય વાળા

ધારી,તા.૨૮

ધારીના મનમંદિર શૈક્ષણિક સંકુલની ૧૪ વોલીબોલ ટીમોએ જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પ્રભાવશાળી દેખાવ કર્યો છે. બહેનોની ટીમે ચોથો અને ભાઈઓની ટીમે ત્રીજો ક્રમ મેળવીને શાળા અને ધારી તાલુકાનું ગૌરવ વધાર્યું છે. સંસ્થાના આચાર્ય પ્રિયંકાબેન વ્યાસ, મેનેજિંગ ડાયરેક્ટર ભરતભાઈ વાળાએ ખેલાડીઓ અને તૈયારી કરાવનાર શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

# સા.કુંડલા-મહુવા રોડ પર પડેલા ખાડા દુર કરવા માંગ



**ખેડૂત આગેવાન ચેતન માલાણીએ રસ્તા બાબતે રોષ વ્યક્ત કર્યો**

સાવરકુંડલા, તા.૨૮

સાવરકુંડલાથી મહુવા રોડ પર હાલમાં નવો માર્ગ બની રહ્યો છે. આ માર્ગના નિર્માણ દરમિયાન અનેક જગ્યાએ ડાયવર્ઝન બનાવ્યા છે, પરંતુ તેના પર ડામર પાથરવામાં આવ્યો નથી. પરિણામે રોજિંદા વાહન ચાલકોને ગંભીર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને ખેડૂતોના માલવાહક વાહનોને ભારે નુકસાન થઈ રહ્યું છે. આ અંગે ખેડૂત આગેવાન ચેતન માલાણી જણાવે છે કે, સાવરકુંડલાના બાઢડા ગામથી મહુવા સુધી ચાલતા આ રોડ કામમાં ગંભીર બેદરકારી જોવા મળી રહી છે. નાળા અને કન્વર્ટ પાસે ૬ થી ૯ ઈંચ સુધીના ઊંડા ખાડા પડેલા છે. આ ખાડાના કારણે અનેક વાહનોના ટાયર, એક્સેલ તથા અન્ય પાર્ટ્સને નુકસાન થાય છે. રાત્રે આવા ખાડા વધુ ખતરનાક બની જાય છે, જેના કારણે અકસ્માતની શક્યતા વધે છે. પ્રજાના ટેક્સથી બનતા આ માર્ગો યોગ્ય રીતે ન સુધારાયા તો સરકારની વિકાસ યોજનાઓનો લાભ સામાન્ય પ્રજાને મળવાની જગ્યાએ મુશ્કેલી બની જાય છે એવું ચેતન માલાણીનું કહેવું છે. તેમણે સંબંધિત વિભાગને તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરતા જણાવ્યું કે તમામ ડાયવર્ઝનમાં ડામર પાથરી વાહન વ્યવહાર સરળ બનાવવો જોઈએ. સાથે જ રોડની બાજુઓ તથા નાળાની નજીક પડેલ કડ દૂર કરી સપાટી સમાન બનાવવી જરૂરી છે. સ્થાનિક લોકો અને ડ્રાઈવરો પણ આ સ્થિતિ સામે રોષ વ્યક્ત કરી રહ્યાં છે.

# જસદણમાં કૌટુંબિક ભત્રીજાના ધારિયાના ઘાથી ઘવાયેલા કાકાનું બે મહિનાની સારવાર બાદ મોત

જસદણ, તા.૨૮

જસદણના ગોડલાધાર ગામે જમીનના શેઢા અને ચાલવાના રસ્તા બાબતે થયેલા ઝઘડામાં કૌટુંબિક ભત્રીજાએ મારેલા ધારિયાના ઘાથી ઘવાયેલા પ્રૌઢનું લાંબી સારવાર બાદ આજે (૨૭ નવેમ્બર, ૨૦૨૫) મોત નિપજતાં બનાવ હત્યામાં પલટાયો હતો. બનાવની વિગતો મુજબ, મૃતક કાળુભાઈ અને આરોપી દેહુરભાઈની જમીન એક જ શેઢે આવેલી છે, જ્યાં ચાલવાના રસ્તાના મામલે બંને પરિવારો વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા. જેનો ખાર રાખીને ૧૮ સપ્ટેમ્બરે જ્યારે કાળુભાઈ તેમની વાડીએ હતા, ત્યારે દેહુરભાઈ અને તેમના દીકરા રાહુલે તેમના પર હુમલો કર્યો હતો. હમલાખોરોએ કાળુભાઈને માથાના ભાગે કોઈ લોખંડની વસ્તુ (અથવા ધારિયું) મારીને ગંભીર ઈજા પહોંચાડી હતી, જેના કારણે તેમને હેમરેજ થઈ ગયું હતું. તેમને તાત્કાલિક જસદણ અને ત્યારબાદ રાજકોટની સિવિલ તથા ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બે મહિનાથી વધુ સમય સુધી તેઓ બેભાન અવસ્થામાં સારવાર હેઠળ હતા. સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. ઘટના બાદ મૃતકના ભત્રીજા ભુરાભાઈ રાહાભાઈ પરમારની ફરિયાદના આધારે આરોપીઓ સામે મારામારીનો ગુનો દાખલ થયો હતો, જેમાં આરોપીઓ હાલ જેલ હવાલે છે. આ બનાવમાં સામસામી ફરિયાદ નોંધાઈ હતી, જેમાં આરોપી દેહુરભાઈએ પણ કાળુભાઈ અને અન્ય એક સંબંધી સામે કુહાડી અને લાકડીના ઘા મારવા બદલ વળતી ફરિયાદ નોંધાવી હતી. મૃતક કાળુભાઈ ખેતી કામ કરતા હતા અને તેમને સંતાનમાં ત્રણ દીકરી અને બે દીકરા છે. વડીલની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોક છવાયો છે.

# લાઠીની પી.એમ. શંકર વિદ્યાલયના બાળકો ભારતીય સંસ્કૃતિની પરીક્ષામાં ઝળક્યા



તસવીર : જગદીશ ખેર

લાઠી,તા.૨૮

લાઠીની માતુશ્રી પુરીબેન માવજીભાઈ શંકર વિદ્યાલયના ધોરણ ૫ થી ૮ના ચાર વિદ્યાર્થીઓએ ગાયત્રી પરિવાર દ્વારા આયોજિત ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં તાલુકા કક્ષાએ પ્રથમ ત્રણ સ્થાનો હાંસલ કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે. દ્રષ્ટિ વિજયભાઈ ધરજીયા (ધો. ૮) પ્રથમ સ્થાન, પૂજન હેમંતભાઈ ભટ્ટ (ધો. ૭) દ્વિતીય સ્થાન, કુમારી પ્રાચી વિપુલભાઈ લાઠીયા (ધો. ૬) પ્રથમ સ્થાન, માહી જીગ્નેશભાઈ મકવાણા (ધો. ૫) તૃતીય સ્થાન મેળવતા શાળા પરિવારે તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.


## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નંબર. ૨૨૪/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી રામભાઈ ભીખાભાઈ વાઘ
સરનામું :- રહે.કથીવદર, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - કથીવદર
તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના કથીવદર મુકામે ના શ્રી રામભાઈ ભીખાભાઈ વાઘ એ તેમના પિતરાઈ ભાઈ નામે શ્રી લાભુભાઈ દદુભાઈ વાઘ નો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૦ ના રોજ રાજુલા તાલુકાના કથીવદર મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી આર.જે.તેરૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓક્ટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૦/૧૦/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નંબર. ૧૭૦/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી હિંમતભાઈ સામતભાઈ બારૈયા
સરનામું :- મુ.વિસળીયા, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - વિસળીયા
તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના વિસળીયા મુકામે ના શ્રી હિંમતભાઈ સામતભાઈ બારૈયા એ તેમની પુત્રી નામે શ્રી નિશાબેન હિંમતભાઈ બારૈયા નો જન્મ તા.૧૨/૦૯/૨૦૧૦ ના રોજ રાજુલા તાલુકાના વિસળીયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી આર.જે.તેરૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓક્ટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૦/૧૦/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નંબર. ૨૪૧/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી જોઘાભાઈ સામતભાઈ ગુજરીયા
સરનામું :- મુ.ખેરા, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ખેરા તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખેરા મુકામે ના શ્રી જોઘાભાઈ સામતભાઈ ગુજરીયા એ તેમના પિતા નામે સ્વ.સામતભાઈ જીવાભાઈ ગુજરીયા નું મરણ તા.૨૦/૦૩/૧૯૯૩ અને માતા નામે સ્વ.રાધાબેન સામતભાઈ ગુજરીયા નું મરણ તા.૧૬/૦૬/૨૦૧૬ ના રોજ રાજુલા તાલુકાના ખેરા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી આર.જે.તેરૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓક્ટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૦/૧૦/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નંબર. ૨૦૪/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી વાલીબેન રણછોડભાઈ ગુજરીયા
સરનામું :- રહે.ચાંચ તા. રાજુલા જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ચાંચ
તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ચાંચ મુકામે ના શ્રી વાલીબેન રણછોડભાઈ ગુજરીયા એ તેમના પુત્રી-પુત્ર નામે શ્રી વસનબેન રણછોડભાઈ ગુજરીયા નો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૩ અને શ્રી કૈલાસભાઈ રણછોડભાઈ ગુજરીયા નો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૩ અને ના રોજ રાજુલા તાલુકાના ચાંચ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી આર.જે.તેરૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓક્ટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૦/૧૦/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## //એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//

અપીલ અરજી નં.૬૯/૨૦૨૫

અરજદાર :- શ્રી વાઘેલા કાન્તીભાઈ કનુભાઈ,
રહે.જેશીંગપરા, સીતારામ નગરની સામે,
એકતા નર્સરી પાસે, અમરેલી, તા.જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ.અમરેલી, તા.જી.અમરેલી

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં વાઘેલા કાન્તીભાઈ કનુભાઈ તેમની પુત્રીશ્રી શિલ્પા કાન્તીભાઈ વાઘેલાનો જન્મ (તા.૩૦/૦૫/૨૦૧૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૫/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
(એચ.એમ.તલાટી)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી શહેર

## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૨૧૧/૨૦૨૫

અરજદાર :- શ્રી જયસુખભાઈ કાનજીભાઈ પંડયા
રહે. ચિતલ, તા.જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું. ચિતલ, તા.જી.અમરેલી

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચિતલ ગામમાં અરજદારશ્રી જયસુખભાઈ કાનજીભાઈપંડયાતેઓનાભાણેજશીલુગોપાલભાઈચંદ્રકાન્તભાઈનીજન્મ (૨૪/૧૧/૧૯૮૩) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો
સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૧૯૩/૨૦૨૫

અરજદાર :- ઘેલાભાઈ મોહનભાઈ સાવલીયા
રહે. પાણિયા, તા.જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું. પાણિયા, તા.જી.અમરેલી

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના પાણિયા ગામમાં અરજદારશ્રી ઘેલાભાઈ મોહનભાઈ સાવલીયા તેઓના નાના ભાઈ નાનજીભાઈ મોહનભાઈ સાવલીયાની જન્મ (તા.૦૩/૦૫/૧૯૫૮) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૨/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

# ટેકનોલોજીથી સમાજમાં ઈર્ષ્યા અને દુઃખ વધ્યું, ધ્યાન તેને દૂર કરવાનો એક અસરકારક માર્ગ : રાષ્ટ્રપતિ

લખનૌ,તા.૨૮

બ્રહ્માકુમારી સંસ્થા શુક્રવારે રાજધાની લખનૌના સુલતાનપુર રોડ પર ગુલઝાર ઉપવન ખાતે રાજ્ય સ્તરીય ધ્યાન યોગ કાર્યક્રમનું આયોજન કરી રહી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ મુખ્ય અતિથિ તરીકે પહોંચ્યા છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને રાજ્યપાલ આનંદીબેન પટેલ તેમની સાથે હાજર હતા. મુખ્યમંત્રી અને રાજ્યપાલ દ્વારા



રાષ્ટ્રપતિનું સ્ટેજ પર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. સુરક્ષા વ્યવસ્થા કડક હતી. પાસ કે ચેક વગર કોઈને પ્રવેશ આપવામાં આવ્યો ન હતો. છોકરીઓએ મોર નૃત્ય દ્વારા રાષ્ટ્રપતિનું સ્વાગત કર્યું. રાષ્ટ્રપતિએ બહેનોને કળશ અને ભાઈઓને ધ્વજ આપીને તેમનું સન્માન કર્યું. છત્તીસગઢના રંગોળી કલાકાર હિતેશએ ગુલઝાર દાદી અને રાષ્ટ્રપતિનું સ્વાગત કરવા માટે સુંદર રંગોળી બનાવી. સંસ્થાના અધિક મહાસચિવ, રાજયોગી ડૉ. બી.કે. મૃત્યુંજયભાઈએ જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ માટે એક ખાસ રૂમ બનાવવામાં આવ્યો છે, જ્યાં તેઓ થોડા સમય માટે ધ્યાન કરશે.કાર્યક્રમમાં બોલતા, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું, "આ અમારા માટે ગર્વની ક્ષણ છે કે અમે ધ્યાન યોગ પર આટલું મોટું અભિયાન શરૂ કરી રહ્યા છીએ. રાષ્ટ્રપતિની હાજરી અમારા માટે સન્માનની વાત છે. શિક્ષક તરીકે તેમની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ રહી છે.

# સંસદના શિયાળુ સત્રમાં કેન્દ્ર સરકારને SIR, ચીન અને ટ્રમ્પ મુદ્દે ઘેરવા કોંગ્રેસની તૈયારી

નવીદિલ્હી,તા.૨૮

કોંગ્રેસ ૧ ડિસેમ્બરથી શરૂ થઈ રહેલા સંસદના શિયાળુ સત્ર માટે રણનીતિ બનાવવાનું ચાલુ રાખી રહી છે. પક્ષના સૂત્રોના જણાવ્યા અનુસાર, કોંગ્રેસ આગામી શિયાળુ સત્ર માટે રણનીતિ બનાવવા માટે ૩૦ નવેમ્બરના રોજ સાંજે ૫ વાગ્યે સોનિયા ગાંધીના નિવાસસ્થાન, ૧૦ જનપથ ખાતે બેઠક કરશે. આ સત્ર ૧ ડિસેમ્બરથી ૧૯ ડિસેમ્બર સુધી ચાલશે. બંને ગૃ



હોમાં વિપક્ષનું નેતૃત્વ કરતી કોંગ્રેસ આ સત્રમાં સરકારને ઘેરવા માટે અનેક મુદ્દાઓ ઉઠાવે તેવી અપેક્ષા છે. સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસ ઓપરેશન સિંદૂર દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામમાં મધ્યસ્થી કરવાના અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વારંવારના નિવેદનો અને ચીન સાથેના વેપાર કરારો અને મુદ્દાઓ પર ચર્ચાની માંગ કરશે.

આ મહિનાની શરૂઆતમાં, કોંગ્રેસના સાંસદ જયરામ રમેશે કહ્યું હતું કે એસઆઈઆર એક મુખ્ય મુદ્દો હશે. ટ્રમ્પના નિવેદનો પર વડાપ્રધાનનું મૌન એક મુખ્ય મુદ્દો છે. ચીન સાથેના વર્તમાન સંબંધો વણઉકેલાયેલા છે. ચીન સાથે કોઈ સરહદ કરાર થયો નથી. અમે પૂર્વસ્થિતિ પર પાછા ફર્યા નથી. બંને દેશો વચ્ચે વાટાઘાટો ચીન દ્વારા સ્થાપિત વાર્તાલાપના આધારે થઈ રહી છે. કોંગ્રેસ સાંસદ પ્રમોદ તિવારીના જણાવ્યા અનુસાર, રાષ્ટ્રીય રાજધાનીમાં ૧૦ નવેમ્બરના રોજ થયેલા દિલ્હી વિસ્ફોટોને પગલે પાર્ટી રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો પણ ઉઠાવી શકે છે, જેમાં ૧૫ લોકો માર્યા ગયા હતા.

# આતંકવાદનો કોઈ ધર્મ નથી તે નિવેદન હવે જૂનું અને ખોટું છે : રામ માધવ

નવીદિલ્હી,તા.૨૮

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વરિષ્ઠ નેતા અને ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ રામ માધવે દિલ્હીમાં થયેલા બોમ્બ વિસ્ફોટો અંગે મોટું નિવેદન આપ્યું છે. તેમણે જણાવ્યું હતું કે લાલ કિલ્લાના બોમ્બ વિસ્ફોટે ઘણી માન્યતાઓને તોડી નાખી છે કે આતંકવાદનો ધર્મ સાથે કોઈ સંબંધ નથી. તેમણે કહ્યું, "દુનિયાભરમાં એવી માન્યતા ફેલાયેલી છે કે શિક્ષણનો આતંકવાદ સાથે કોઈ સંબંધ નથી, ગરીબીનો તેની સાથે કોઈ સંબંધ નથી. આ બધું ખોટું છે. આતંકવાદ ગરીબીનું પરિણામ નથી, પરંતુ શ્રદ્ધા અને વૈચારિક પ્રતિબદ્ધતાનું પરિણામ છે." તેમણે વધુમાં જણાવ્યું હતું કે આતંકવાદીઓને ફક્ત તેમના શિક્ષણ અથવા સામાજિક દરજ્જા દ્વારા ઓળખવામાં આવતા નથી, પરંતુ ધાર્મિક અથવા વૈચારિક પ્રેરણા દ્વારા ઓળખવામાં આવે છે જે તેમને હિંસા તરફ દોરી જાય છે. આરએસએસ નેતાએ કહ્યું, "આતંકવાદનો કોઈ ધર્મ નથી તે નિવેદન હવે જૂનું અને ખોટું છે.

# ૧ કરોડ યુવાનોને નોકરી અને રોજગાર આપવો અમારી પ્રાથમિકતા : નીતિશ કુમાર

(એચ.એસ.એલ),પટણા,તા.૨૮

મુખ્યમંત્રી નીતિશ કુમારે આજે સોશિયલ મીડિયા પર યુવાનોને સંદેશ આપ્યો. તેમણે કહ્યું કે રાજ્યમાં મહત્તમ યુવાનોને સરકારી નોકરીઓ અને રોજગાર પૂરો પાડવો એ શરૂઆતથી જ અમારી પ્રાથમિકતા રહી છે. સાત નિશ્ચય-૨ હેઠળ, રાજ્યમાં ૫૦ લાખ યુવાનોને ૨૦૨૦-૨૫ દરમિયાન સરકારી નોકરીઓ અને રોજગાર પૂરા પાડવામાં આવ્યા હતા. અમે આગામી પાંચ વર્ષ (૨૦૨૫-૩૦) માં ૧ કરોડ યુવાનોને નોકરીઓ અને રોજગાર પૂરા પાડવાનું લક્ષ્ય રાખ્યું છે. મુખ્યમંત્રી નીતિશ કુમારે જણાવ્યું કે નવી સરકારની રચના પછી, અમે રાજ્યમાં મહત્તમ સરકારી નોકરીઓ અને રોજગારની તકો પૂરી પાડવા માટે ઝડપથી કામ કરવાનું શરૂ કર્યું છે. સરકારી નોકરીની ખાલી જગ્યાઓ શક્ય તેટલી વહેલી



તકે ભરવા માટે ઘણા નક્કર પગલાં લેવામાં આવ્યા છે. રાજ્ય હેઠળના તમામ વહીવટી વિભાગો, બધા વિભાગીય કમિશનરો, પોલીસ મુખ્યાલય હેઠળની તમામ કચેરીઓ અને બધા જિલ્લા મેજિસ્ટ્રેટને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં સામાન્ય વહીવટ વિભાગને ખાલી જગ્યાઓ સંબંધિત વિનંતીઓ સબમિટ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. સામાન્ય વહીવટ વિભાગ શક્ય તેટલી વહેલી તકે પ્રાપ્ત વિનંતીઓની તપાસ કરશે અને તેને વિવિધ સંબંધિત નિમણૂક કમિશનને મોકલશે.

# યુપીમાં લગ્નની ઉજવણી દરમિયાન ગોળી વાગતા ભાજપ નેતાનું મોત

બુલંદશહેર,તા.૨૮

યુપીના ચોલા પોલીસ સ્ટેશન વિસ્તારના ખાનપુર ગામમાં લગ્ન સમારંભ દરમિયાન ઉજવણી દરમિયાન ગોળી વાગવાની ઘટના મોંઘી સાબિત થઈ. ઉજવણી દરમિયાન ગોળી વાગવાથી એક ભાજપ કાર્યકરનું મોત થયું. માહિતી અનુસાર, શિવમના લગ્નની સરઘસ કાકોડ પોલીસ સ્ટેશન વિસ્તારના અજયનગરથી ચોલા પોલીસ સ્ટેશન વિસ્તારના ખાનપુર આવી રહી હતી. લાયસન્સ પ્રાપ્ત પિસ્તોલથી ઉજવણીમાં ગોળીબાર કરનાર વ્યક્તિની ઓળખ સુગ્રીવ તરીકે થઈ છે. ગોળીબાર થયો ત્યારે ભાજપ નેતા ધર્મેન્દ્ર ભાટી તેમની સામે ખુરશી પર બેઠા હતા, જેના કારણે તેમને ગોળી વાગી. ધર્મેન્દ્ર ભાટીને તાત્કાલિક નોઈડાની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમનું મોત નિપજ્યું હતું. અહેવાલો અનુસાર, ખાનપુરમાં શિવમ નામના વ્યક્તિની સગાઈ થઈ હતી. ત્યારે દુલ્હનના પરિવારના સભ્ય સુગ્રીવ સોલંકીએ પોતાની લાઈસન્સ પ્રાપ્ત પિસ્તોલથી ફાયરિંગ કરવાનો પ્રયાસ કર્યો.

# કર્ણાટકમાં મુખ્યમંત્રી પદ મુદ્દે વિવાદની અસર રાજ્ય સરકારના વહીવટ અને કામ પર પડી રહી છે : ભાજપ નેતા

બેંગ્લુરૂ,તા.૨૮

મુખ્યમંત્રી પદ અંગે કોંગ્રેસમાં ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે કર્ણાટકમાં રાજકારણ ગરમાયું છે. ભાજપ કર્ણાટક પ્રમુખ વિજયેન્દ્રએ કહ્યું છે કે જો કોંગ્રેસ બે ભાગમાં વિભાજીત થાય તો તેમને આશ્ચર્ય થશે નહીં. વિજયેન્દ્રએ કહ્યું કે મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમાર વચ્ચે ચાલી રહેલા વિવાદની અસર



રાજ્ય વહીવટ અને સરકાર પર પડી રહી છે અને સરકાર લગભગ સ્થગિત થઈ ગઈ છે.

તેમણે કહ્યું, "લોકોએ ૨૦૨૩ માં કોંગ્રેસને મોટી અપેક્ષાઓ સાથે ચૂંટી હતી. પરંતુ માત્ર અઢી વર્ષમાં, જનતા કંટાળી ગઈ છે. વિકાસ ઠપ્પ થઈ ગયો છે, યુવાનો નિરાશ થયા છે, અને સરકારની અંદરના ઝઘડાને કારણે વહીવટ લકવાગ્રસ્ત થઈ ગયો છે." ભાજપના નેતાએ કહ્યું કે કોંગ્રેસે ૮ ડિસેમ્બરથી શરૂ થઈ રહેલા વિધાનસભાના શિયાળુ સત્ર પહેલા પોતાના આંતરિક વિવાદોનો ઉકેલ લાવવો જોઈએ, કારણ કે ખેડૂતો સરકાર પાસેથી વળતર અને અન્ય મુદ્દાઓ પર મોટા નિર્ણયોની અપેક્ષા રાખી રહ્યા છે.

# રાજ્ય સરકારો સારો વ્યવહાર અને સન્માન કરશે તો નક્સલીઓ આત્મસમર્પણ કરવા માટે તૈયાર

જગદલપુર,તા.૨૮

નક્સલવાદી સંગઠન બે જૂથોમાં વિભાજીત થતાં, નક્સલવાદી ટીમ સતત વિભાજીત થઈ રહી છે. પરિણામે, MMC ઝોનના પ્રવક્તાએ એક પત્ર જારી કરીને જણાવ્યું હતું કે તેઓ જે પણ સરકાર તેમને સારો વ્યવહાર અને સન્માન આપશે તેને શરણાગતિ સ્વીકારશે. વધુમાં, તેઓ એક પછી એક જવાને બદલે શરણાગતિ સ્વીકારશે; તેઓ બધા



સાથે જશે. મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ સ્પેશિયલ ઝોનલ કમિટી (એમએમસી ઝોન) ના પ્રવક્તા અનંતે ત્રણેય રાજ્યોના મુખ્યમંત્રીઓને પત્ર લખીને સુરક્ષા દળો દ્વારા કરવામાં આવી રહેલી કામગીરી બંધ કરવા વિનંતી કરી છે. આ પત્રમાં, તેમણે એ પણ જાહેરાત કરી કે તેઓ આ વખતે 'નક્સલવાદી સપ્તાહ' ઉજવશે નહીં અને પુનર્વસન માટે સરકાર પાસેથી સમય માંગ્યો છે. એમએમસી ઝોનમાં નક્સલીઓ ૧ જાન્યુઆરીએ સશસ્ત્ર સંઘર્ષનું આહ્વાન કરી રહ્યા છે. દરમિયાન, એમએમસી ઝોનના પ્રવક્તા અનંતે એક પ્રેસ નોટ જારી કરીને બધા નક્સલવાદીઓને એક પછી એક શરણાગતિ ન આપવા, પરંતુ સાથે જવા વિનંતી કરી છે.

# જમ્મુ અને કાશ્મીરના ઘણા વિસ્તારોમાં તાપમાનનો પારો -૧૦ સુધી ગગડ્યો

નવીદિલ્હી,તા.૨૮

ઉત્તર ભારતમાં ઠંડીનું મોજું વધી રહ્યું છે. રાત્રે અને વહેલી સવારે ઠંડીને કારણે લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. દરમિયાન, જમ્મુ અને કાશ્મીરના ઘણા વિસ્તારોમાં તાપમાન શૂન્ય તાપમાનમાં નોંધાઈ રહ્યું છે. ચક્રવાત દિત્વાને કારણે દક્ષિણ ભારતના ઘણા રાજ્યોમાં



ભારે વરસાદ પડી રહ્યો છે. રાજસ્થાનના ઘણા જિલ્લાઓમાં વરસાદની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. વધુમાં, દિલ્હી અને મુંબઈ જેવા શહેરોમાં હવાની ગુણવત્તા અત્યંત ખરાબ રહે છે. ચાલો પહેલા દેશભરમાં હવામાનની સ્થિતિનું અન્વેષણ કરીએ. સૌપ્રથમ, દિલ્હી-એનસીઆરમાં સવારે અને રાત્રે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. જોકે, દિવસભર સૂર્યપ્રકાશને કારણે ઠંડી ઓછી જોવા મળે છે.

# ઓસ્ટ્રેલિયાની ક્વીન્સલેન્ડ સુપ્રીમ કોર્ટમાંથી અદાણી ગ્રુપને મળી રાહત

નવીદિલ્હી,તા.૨૮

ઓસ્ટ્રેલિયાની ક્વીન્સલેન્ડ સુપ્રીમ કોર્ટમાંથી અદાણી ગ્રુપની એક કંપનીને નોંધપાત્ર રાહત મળી છે. એક કોર્ટે અદાણીની કાર્માઈકલ કોલસા ખાણો સંબંધિત ગુપ્ત માહિતી મેળવવા અને તેનો ઉપયોગ કરવાથી અભિમૂક્ત ઈંધણ વિરોધી કાર્યકર્તાને કાયમી મનાઈ હુકમ જારી કર્યો છે. આનાથી અદાણી જૂથ અને તેના લાંબા સમયથી વિરોધીઓમાંથી એક વચ્ચે વર્ષોથી ચાલી રહેલા કાનૂની વિવાદનો અંત આવે છે. અદાણી જૂથના સંલગ્ન બ્રાવસ માઈનિંગ એન્ડ રિસોર્સિસ દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર, બેન પેનિંગ્સે બ્રાવસ કર્મચારીઓ, કોન્ટ્રાક્ટરો અથવા સંભવિત કોન્ટ્રાક્ટરો પાસેથી ગુપ્ત વ્યવસાય માહિતી મેળવવાના તમામ પ્રયાસો બંધ કરવા પડશે. તેમને આવી માહિતી જાહેર કરવા માટે અન્ય લોકોને પ્રોત્સાહિત કરવાની પણ મનાઈ છે.

# મધ્યપ્રદેશમાં બ્રાહ્મણો વિરુધ્ધ અપમાનજનક ટિપ્પણી કરનારા આઈએએસ અધિકારીને સરકારની નોટિસ

મધ્યપ્રદેશ, તા.૨૮

બ્રાહ્મણ દીકરીઓ અંગેના વિવાદાસ્પદ નિવેદન બદલ મધ્યપ્રદેશ સરકારના આઈએએસ અધિકારી સંતોષ કુમાર વર્મા સામે રાજ્ય સરકારે નોટિસ જારી કરી છે. નોટિસમાં કહેવામાં આવ્યું છે કે તેમની ટિપ્પણીઓ સામાજિક સંવાદિતાને નબળી પાડવાનો અને પરસ્પર દુશ્મનાવટ પેદા કરવાનો પ્રયાસ લાગે છે. એ નોંધવું જોઈએ કે "એક પરિવારના એક વ્યક્તિને ત્યાં સુધી અનામત મળતું રહેવું જોઈએ જ્યાં સુધી કોઈ બ્રાહ્મણ પોતાની પુત્રી મારા દીકરાને દાન ન કરે અથવા તેની સાથે સંબંધ ન બનાવે." ૨૩ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ ભોપાલમાં આયોજિત AJAKS ના પ્રાંતીય સંમેલનમાં તમારા નિવેદન અંગે ૨૫ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ વિવિધ અખબારોમાં પ્રકાશિત થયેલા સમાચારની ફોટોકોપી, આ સાથે જોડાયેલ છે. તમારી ટિપ્પણી, "એક પરિવારના એક વ્યક્તિને અનામત મળવી જોઈએ જ્યાં સુધી કોઈ બ્રાહ્મણ પોતાની પુત્રી મારા દીકરાને દાન ન આપે અથવા તેની સાથે લગ્ન ન કરે," તે પ્રથમ દ્રષ્ટિએ સામાજિક સંવાદિતાને નબળી પાડવાનો અને દુશ્મનાવટ પેદા કરવાનો પ્રયાસ લાગે છે.

# શ્રીલંકામાં ચક્રવાત દિત્વાથી ૩૬ લોકોના મોત: પીએમ મોદીએ સહાયની જાહેરાત કરી

નવીદિલ્હી,તા.૨૮

શ્રીલંકામાં ચક્રવાત દિત્વાથી ભારે વરસાદે તબાહી મચાવી હતી. છત્રીસ લોકો માર્યા ગયા અને ૨૩ ગુમ થયા. અધિકારીઓએ ચેતવણી આપી છે કે આગામી કલાકોમાં વાવાઝોડું વધુ તીવ્ર બની શકે છે. વાવાઝોડું હવે દરિયાકાંઠાના ભારતીય રાજ્યો તરફ આગળ વધી રહ્યું છે. વાવાઝોડાથી શ્રીલંકામાં નોંધપાત્ર નુકસાન થયું છે. શ્રીલંકાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટરએ જણાવ્યું હતું કે મધ્ય અને ઉત્પાદક



જિલ્લામાં રાત્રે ભૂસ્ખલનથી અનેક ઘરો તબાહ થઈ ગયા, જેમાં ૨૧ લોકો માર્યા ગયા. મોદીએ ચક્રવાતને કારણે શ્રીલંકામાં થયેલા જાનમાલના નુકસાન પર શોક વ્યક્ત કર્યો. તેમણે પોતાના પડોશી દેશને સહાયની પણ જાહેરાત કરી. વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર કહ્યું, "ચક્રવાત દિત્વાને કારણે પોતાના પ્રિયજનો ગુમાવનારા શ્રીલંકાના લોકો પ્રત્યે મારી ઊંડી સંવેદના છે. હું તમામ અસરગ્રસ્ત પરિવારોની સલામતી અને ઝડપી સ્વસ્થતા માટે પ્રાર્થના કરું છું."

મોદીએ કહ્યું, "અમે શ્રીલંકાને સહાય પૂરી પાડવા માટે તૈયાર છીએ." પીએમ મોદીએ એમ પણ કહ્યું, "આપણા નજીકના દરિયાઈ પાડોશી સાથે એકતામાં, ભારતે ઓપરેશન સાગર બંધુ હેઠળ તાત્કાલિક રાહત સામગ્રી અને આવશ્યક એચએડીઆર સહાય મોકલી છે. પરિસ્થિતિ બદલાતાની સાથે અમે વધુ સહાય પૂરી પાડવા માટે તૈયાર છીએ.

# સામાન્ય પાસપોર્ટ ધરાવતા પાકિસ્તાનીઓને વિઝા આપવા પર રોક લગાવતું યુએઈ

ઈસ્લામાબાદ,તા.૨૮

સંયુક્ત આરબ અમીરાત જેણે એક વર્ષ પહેલા પાકિસ્તાનને ૨ બિલિયન ડોલરનું દાન આપ્યું હતું, તેણે ઈસ્લામાબાદ સામે મોટી કાર્યવાહી કરી છે. યુએઈએ પાકિસ્તાની નાગરિકોને વિઝા આપવાનું સંપૂર્ણપણે બંધ કરી દીધું છે. સંસદીય સમિતિ સમક્ષ યુએઈના ગૃહ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ આ વાતનો ખુલાસો કર્યો. યુએઈના એક અધિકારીએ જણાવ્યું હતું કે



ગલ્ફ દેશો પાકિસ્તાની પાસપોર્ટ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવાની તૈયારી કરી રહ્યા હતા, પરંતુ પાકિસ્તાન બચી ગયું. સેનેટની માનવ અધિકારો પર કાર્યાત્મક સમિતિની બેઠકમાં બોલતા, વધારાના ગૃહ સચિવ સલમાન ચૌધરીએ જણાવ્યું હતું કે, "સાઉદી અરેબિયા અને યુએઈએ હાલમાં પાકિસ્તાની પાસપોર્ટ પર પ્રતિબંધ મૂકવાનો ઇનકાર કર્યો છે, પરંતુ જો પ્રતિબંધ લાદવામાં આવે તો તેને હટાવવો ખૂબ મુશ્કેલ હશે." તેમણે ઉમેર્યું હતું કે યુએઈ હાલમાં ફક્ત વાદળી (સત્તાવાર) અને રાજદ્વારી પાસપોર્ટ ધારકોને જ વિઝા આપી રહ્યું છે.

નિયમિત લીલા (સામાન્ય) પાસપોર્ટ ધરાવતા પાકિસ્તાનીઓને વિઝા મળી રહ્યા નથી. સમિતિના અધ્યક્ષ સેનેટર સમીના મુમતાઝ ઝેહરીએ પણ આ વાતની પુષ્ટિ કરી હતી. સમીનાએ કહ્યું, "વિઝા પ્રતિબંધનું કારણ એ છે કે કેટલાક પાકિસ્તાનીઓ યુએઈ જાય છે અને ગુનાહિત પ્રવૃત્તિઓ અને ભીખ માંગવામાં વ્યસ્ત રહે છે." તેમણે સમજાવ્યું કે તાજેતરના સમયમાં વિઝા ખૂબ જ મુશ્કેલીથી જારી કરવામાં આવ્યા છે.

**અમરેલી જિલ્લામાં વન્યપ્રાણીઓનો આતંક યથાવત, વનવિભાગની કામગીરી સામે સવાલ**

# ધારીના દલખાણીયા રેન્જમાં ત્રંબકપુર ગામે એક વર્ષની બાળકીને દીપડાએ ફાડી ખાધી

**વનવિભાગની ગંભીર બેદરકારીને કારણે શ્રમિકો પોતાના વ્હાલસોયા બાળકોને ગુમાવી રહ્યાં છે**

ધારી,તા.૨૮

અમરેલી જિલ્લામાં વન્યપ્રાણીઓનો આંતક યથાવત રહેવા પામ્યો છે. છેલ્લાં એક અઠવાડિયામાં વન્યપ્રાણીઓએ ત્રણ લોકો સામે હિંસક હુમલા કર્યા છે જેમાં બેના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા છે. અમરેલી, ધારીમાં વનઅધિકારીઓની બેદરકારીને કારણે નાના ભુલકાઓ વન્યપ્રાણીઓનો ખોરાક બની રહ્યાં છે. બગસરાના હામાપુર ગામની ઘટના હજુ તાજી છે ત્યાં ધારીના દલખાણીયા રેન્જના ત્રંબકપુર ગામે દીપડાએ પરપ્રાંતીય મજૂરની એક વર્ષની બાળકીને ફાડી ખાધી છે. ધારી તાલુકાના દલખાણીયા રેન્જ નીચે આવતા ત્રંબકપુર ગામે ખેતમજૂરી કરી રહેલા અર્જુનભાઈ નીનામાની એક વર્ષીય પુત્રી રીન્કુને દીપડો તેની માતાની નજર સામે જ ઉઠાવી ગયો હતો. માતાએ રાડારાડ કરતા દીપડો બાળકીને મૂકી નાસી ગયો હતો ત્યાં સુધીમાં બાળકીનું મોત નિપજ્યુ હતું. આ ઘટનાની જાણ વનવિભાગને થતા તાત્કાલિક વનવિભાગ દ્વારા માનવભક્ષી દીપડાને પકડવા માટે ૭ પાંજરા મુક્યા છે. બાળકીના મૃતદેહને ધારી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આમ, વન્યપ્રાણીઓના હુમલાઓ યથાવત રહેતા વાડીમાં કામ કરતા શ્રમિકોમાં ભયનો માહોલ છવાયો છે જયારે વનવિભાગની કામગીરી સામે લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

**ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, સરમણભાઈ બારૈયાના સતત પ્રયાસોને કારણે**

# જાફરાબાદના દરિયામાં લાપતા થયેલા માછીમારનો મૃતદેહ ૬ દિવસ બાદ મળ્યો

જાફરાબાદ,તા.૨૮



તસવીર : બાબુભાઈ વાઢેળ

જાફરાબાદના માછીમાર યુવાન જશવંત બારૈયા (ઉં.વ. ૨૩)નો મૃતદેહ દીવ અને જાફરાબાદના દરિયા વચ્ચેથી મળી આવ્યો છે. જશવંત, જે 'આણંદ સાગર' નામની બોટનો ખલાસી હતો, તે ગત ૨૩/૧૧ના રોજ લાપતા થયો હતો. તેની શોધખોળ માટે રાજ્ય કક્ષાના મંત્રી પુરષોત્તમભાઈ સોલંકી, ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, અને કોળી સમાજના અગ્રણી સરમણભાઈ બારૈયાના પ્રયાસોથી મરીન અને અન્ય બોટોની વ્યવસ્થા કરવામાં આવી હતી. સતત પાંચ દિવસની શોધખોળ બાદ આજે તેમનો મૃતદેહ મળતાં પરિવાર અને સમાજમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. અત્રે નોંધનીય છે કે એક મહિના કરતા વધારે સમયથી જાફરાબાદના દરિયામાં ગુમ થયેલા હજુ ૭ જેટલા માછીમારોના મૃતદેહ મળ્યા નથી ત્યાં વધુ એક માછીમારનો મૃતદેહ મળતા અરેરાટી પ્રસરી જવા પામી છે.

# સુરતમાં ત્રણ મિત્રોએ એક સંપ કરી પોતાના જ મિત્રને પતાવી દીધો

(એચ.એસ.એલ),સુરત,તા.૨૮



સુરતના પાંડેસર વિસ્તારની આવિર્ભાવ સોસાયટીમાં આવેલી ઉડિયા શાળાની સામે જ ત્રણ જેટલા મિત્રોએ એક મિત્ર પર ચાકુ વડે હુમલો કરી ઉપરાછાપરી ઘા ઝીંકી તેની કરપીણ હત્યા કરી ભાગી છૂટ્યા છે. ત્યારે આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં વાતાવરણ તંગ બની ગયું છે. આ અંગે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, મૃતક સુભાષ લાંગડે મજૂરી કામ કરતો હતો. તેની હત્યા કરનારા તેના મિત્રો જ હતા, જેનું કારણ અગાઉની અદાવત હતી. મૃતક સુભાષ અને આરોપી મિત્રો વચ્ચે રાત્રે ઝઘડો થયો હતો અને ઝઘડામાં ચાકુના ઘા ઝીંકી તેની હત્યા કરવામાં આવી છે. તેવી હાલ પ્રાથમિક તપાસમાં માહિતી સામે આવી છે.

# ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા રાજ્યના ૬૭ વિવિધ વિભાગમાં ભરતીની જાહેરાત

ગાંધીનગર,તા.૨૮




ગુજરાતમાં સરકારી નોકરીની તૈયારી કરતા લાખો યુવા ઉમેદવારો માટે આનંદના સમાચાર સામે આવ્યા છે. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા રાજ્યના ૬૭ વિવિધ વિભાગમાં કુલ ૩૭૮ જગ્યા ભરવા માટે મેગા ભરતીની જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાત બાદ સ્પર્ધાત્મક પરીક્ષા આપતા ઉમેદવારોમાં ખુશીની લાગણી વ્યાપી છે. GPSC દ્વારા જાહેર કરાયેલા નોટિફિકેશન મુજબ રાજ્યના જુદા જુદા વિભાગોમાં ખાલી પડેલી જગ્યાઓ માટે અરજી પ્રક્રિયા શરૂ કરાઈ છે. લાયકાત, પે-સ્કેલ, કેટેગરી મુજબના રિઝર્વેશન અને પરીક્ષા સંબંધિત તમામ વિગતો GPSCની સત્તાવાર વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. ઓનલાઈન અરજી કરવાની શરૂઆત આજથી થશે. જ્યારે ઓનલાઈન અરજીની છેલ્લી તારીખ ૧૩ ડિસેમ્બર છે. GPSCએ ઉમેદવારોને અપીલ કરતાં જણાવ્યું હતું કે છેલ્લા દિવસ સુધી રાહ ન જોતાં વહેલી તકે અરજી પૂર્ણ કરી દેવી, જેથી ટેક્નિકલ સમસ્યાના કારણે અવરોધ ન આવે. અરજી કરતાં પહેલાં નોટિફિકેશન સંપૂર્ણ રીતે વાંચવું અને લાયકાતની પુષ્ટિ કરવી જરૂરી છે. ભરતી સંબંધિત સંપૂર્ણ માહિતી, સિલેબસ, પસંદગી પદ્ધતિ વગેરે વિગતો GPSC વેબસાઈટ પર મૂકવામાં આવી છે.

# મહેસાણાના સુદાસણ ગામે બીએલઓની ફરજ બજાવતા વધુ એક શિક્ષકનું મોત

મહેસાણા,તા.૨૮

ગુજરાત રાજ્યમાં ચૂંટણીલક્ષી કામગીરીના બોજ હેઠળ ફરજ બજાવતા શિક્ષકો પરના તણાવનો વધુ એક કરૂણ કિસ્સો સામે આવ્યો છે. મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકાના સુદાસણ ગામમાં બીએલઓ (બૂથ લેવલ ઓફિસર) તરીકે ફરજ બજાવતા શિક્ષક દિનેશ રાવળનું હાર્ટ એટેક આવવાથી નિધન થયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સુદાસણ કન્યા શાળાના મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવતા અને બીએલઓ તરીકેની વધારાની જવાબદારી નિભાવતા દિનેશ રાવળનું ગત રાત્રે આશરે ૨ વાગ્યાની આસપાસ હૃદયરોગના હુમલાથી મોત નિપજ્યું છે. સ્થાનિક સૂત્રો અને શાળાના આચાર્યના નિવેદન મુજબ દિનેશ રાવળ સતત છેલ્લા બે-ચાર દિવસથી રાત્રે ઊઠીને એસઆઈઆર (સ્પેશિયલ ઈન્ટેન્સીવ રિવિઝન)ની કામગીરી અંતર્ગત ફોર્મ અપલોડ કરવાનું કામ કરી રહ્યા હતા.

# ધરમપુરમાં યોજાયેલી ચિંતન શિબિરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ફટકાબાજી કરી

ધરમપુર,તા.૨૮



ધરમપુરના શ્રીમદ રાજચંદ્ર આશ્રમ ખાતે "સામૂહિક ચિંતનથી સામૂહિક વિકાસ તરફ" થીમ આધારિત પ્રારંભ થયેલી રાજ્ય સરકારની ૧૨મી ચિંતન શિબિરના પ્રથમ દિવસે સંધ્યા સમયે આશ્રમના પેવેલિયનમાં મંત્રીઓ અને સનદી અધિકારીઓ માટે ક્રિકેટ સહિત વિવિધ માઈન્ડ ગેમ્સનું આયોજન થયું હતું. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ ઉત્સાહભેર ભાગ લઈ બોલિંગ અને બેટિંગ કરી સાથી સભ્યો અને સનદી અધિકારીઓનો ઉત્સાહ વધાર્યો હતો. શ્રીમદ રાજચંદ્ર આશ્રમના ખુશનુમા માહોલમાં પેવેલિયન ખાતે ટર્ફમાં મંત્રી મંડળ અને સનદી અધિકારીઓની કુલ ચાર ટીમ 'નર્મદા ઈલેવન', 'તાપી ઈલેવન', 'સાબરમતી ઈલેવન' અને 'માહી ઈલેવન' વચ્ચે ક્રિકેટ ટુર્નામેન્ટ રમાઈ હતી. આ સમયે મેદાન પર આવી પહોંચેલા મુખ્યમંત્રીએ 'સાબરમતી ઈલેવન' અને 'માહી ઈલેવન' ટીમના ખેલાડીઓ સાથે પરિચય કરી ગ્રુપ ફોટા પણ પડાવ્યા હતા. બાદમાં મુખ્યમંત્રીએ સૌપ્રથમ બેટિંગ પર હાથ અજમાવતા શાનદાર ક્રિકેટ પરફોર્મન્સ આપ્યું હતું. આ સમયે મંત્રી ઈશ્વર પટેલે બોલિંગ કરી હતી અને મંત્રી ઋષિકેશ પટેલે ફિલ્ડિંગ કરી હતી.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો છબરડો : બી.એ. વિથ હિસ્ટ્રી સેમ-૩ની પરીક્ષામાં વિદ્યાર્થીઓને અલગ વિષયનું પેપર ધાબડી દીધું

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૨૮




સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા પરીક્ષા સંચાલનમાં ફરી એકવાર ગંભીર બેદરકારી સામે આવી છે. બી.એ. વિથ હિસ્ટ્રી સેમ-૩ની પરીક્ષામાં વિદ્યાર્થીઓને "સૌરાષ્ટ્રના રાજવંશ" વિષયના પેપરની જગ્યાએ સંપૂર્ણપણે અલગ વિષયનું પેપર ધાબડી દેવામાં આવ્યું હતું. આ ભૂલને કારણે રાજકોટ તથા આસપાસની વિવિધ કોલેજોમાં પરીક્ષા આપી રહેલા અંદાજે ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ પરેશાન થયા હતા.પરીક્ષામાં વિદ્યાર્થીઓએ પેપર ખોલતાં જ જોયું કે તેમને "સૌરાષ્ટ્રના રાજવંશ"ના બદલે અન્ય વિષયનું પ્રશ્નપત્ર આપવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓએ તુરંત સુપરવાઈઝરને જાણ કરી, પરંતુ શરૂઆતના ૧૫ મિનિટ સુધી કોઈ સ્પષ્ટ જવાબ મળ્યો નહીં. આ દરમિયાન અનેક વિદ્યાર્થીઓ ખોટા પેપરને જોઈને ગભરાટમાં આવી ગયા હતા, કારણ કે તેઓએ તે વિષયની તૈયારી જ નહોતી કરી. લગભગ ૧૫ મિનિટ પછી યુનિવર્સિટી તરફથી સાચું પેપર મંગાવીને આપવામાં આવ્યું અને વિદ્યાર્થીઓને પરીક્ષા ચાલુ રાખવા જણાવાયું. જોકે, આ વચ્ચે ગયેલા કિંમતી ૧૫ મિનિટના નુકસાનની ભરપાઈ કોણ કરશે? એ એક મોટો પ્રશ્ન છે. આ ઘટના બાદ વિદ્યાર્થીઓ તથા વાલીઓમાં ભારે રોષ ફેલાયો છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં આવી બેદરકારી વારંવાર થઈ રહી છે.

# ભાવનગરમાં મેગા ડિમોલેશન : ૭૦થી વધુ મકાનો અને ત્રણ ધાર્મિક સ્થાનોના દબાણ દૂર કરાયા

(એચ.એસ.એલ),ભાવનગર,તા.૨૮



ભાવનગરમાં ગેરકાયદે દબાણો સામે મહાનગરપાલિકા દ્વારા કડક કાર્યવાહી હાથ ધરાઈ છે. જેમાં ૨૬ નવેમ્બરના રોજ નવાપુરા કબ્રસ્તાન પાસે દબાણો હટાવાયા હતા. દરમિયાન આજે ફૂલસરમાં મેગા ડિમાલેશન હાથ ધરાયું હતું.

જેમાં વહેલી સવારથી ટીપી સ્કીમ ૨ (એ) હેઠળ રિઝર્વ પ્લોટ અને ૧૮ મીટરનો રસ્તો ખુલ્લો કરવા માટે મેગા ડિમોલેશનની કામગીરી શરૂ કરાઈ હતી. જેમાં અંદાજિત ૬૦ કરોડની કિંમતની ૧૬,૫૦૦ ચોરસ મીટર સરકારી જગ્યા ખુલ્લી કરવા માટે ૭૦થી વધુ પાકા અને કાચા મકાનો તથા ત્રણ ધાર્મિક સ્થાન સહિતના દબાણો દૂર કરવામાં આવ્યા હતા.

# મહેસાણાની દૂધસાગર ડેરીના ઈતિહાસમાં પ્રથમવાર તમામ બેઠકો થઈ બિનહરીફ

(એચ.એસ.એલ),મહેસાણા,તા.૨૮

મહેસાણાની પ્રખ્યાત દૂધસાગર ડેરીમાં આ વર્ષે યોજાનારી ચૂંટણીને લઈને એક ઐતિહાસિક ચિત્ર સામે આવ્યું છે. ડેરીના ઈતિહાસમાં પહેલીવાર, બધી ૧૫ બેઠકો પર કોઈ હરીફાઈ નહોતી થઈ અને બધી બેઠકોને બિનહરીફ જાહેર કરવામાં આવી હતી. સહકારી ક્ષેત્રમાં આ એક દુર્લભ ઘટના માનવામાં આવે છે. દૂધસાગર ડેરીની ચૂંટણી સામાન્ય રીતે તીવ્ર સ્પર્ધા, જૂથવાદ અને રાજકીય ષડયંત્રથી ભરેલી હોય છે, પરંતુ આ વખતે પરિસ્થિતિ સંપૂર્ણપણે અલગ હતી. આજે ચૂંટણી માટે ફોર્મ પાછા ખેંચવાનો છેલ્લો દિવસ હતો. છેલ્લી ઘડીની રાજકીય ચર્ચાઓ અને વાટાઘાટો પછી, કુલ ૫૯ બેઠકો માટે ઉમેદવારો નોંધાયા હતા. જોકે, આખરે ૪૪ ઉમેદવારોએ પોતાના ફોર્મ પાછા ખેંચી લીધા હતા, જેના કારણે ફક્ત ૧૫ ઉમેદવારો બાકી રહ્યા હતા. આ ૧૫ બેઠકો પર કોઈ સીધી હરીફાઈ ન હોવાથી, બધાને બિનહરીફ જાહેર કરવામાં આવ્યા હતા.

# અમદાવાદમાં એકતરફી પ્રેમમાં પાગલ યુવાને જાતે આગ લગાવી આપઘાત કર્યો

અમદાવાદ,તા.૨૮



શહેરમાં એક હચમચાવતી ઘટના બની છે. જેમાં સરખેજ વિસ્તારમાં એક તરફી પ્રેમમાં ૨૯ વર્ષના કામરાનખાન પઠાણે પોતાની જાત પર પેટ્રોલ છાંટીને આત્મવિલોપનનો પ્રયાસ કર્યો હતો. યુવક ગંભીર રીતે દાઝી ગયો હતો. જેથી તેને હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો. જોકે, કમનસીબે યુવાનનું મોત નિપજ્યું છે. તો બીજી બાજુ યુવતીને પણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. હાલ આ અંગે પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી પ્રમાણે, શહેરના ફતેવાડીમાં રહેતી ૨૮ વર્ષની યુવતી, સરખેજમાં આવેલી હોસ્પિટલમાં નોકરી કરે છે. આ દરમિયાન કામરાન અને યુવતી વચ્ચે બોલાચાલી થઈ ગઈ હતી. જે બાદ કામરાને પોતાની સાથે લાવેલ પેટ્રોલની બોટલ કાઢીને પોતાના પર છાંટીને લાઈટરથી આગ લગાવી દીધી હતી.








